RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 211* Date: 22.05.2023, Monday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

NEWS OF GANDHINAGAR_P-1

જી૭ની ચીનને ચેતવણી

## કોઈનો દબદબો સ્વીકાર્ય નથીઃ આર્થિક સ્થિતિને હથિયાર બનાવાશે તો પરિણામ ભોગવવા પડશે

### ૨૦૨૪માં ક્વાડ નેતાઓના શિખર સંમેલનને આયોજિત કરવામાં ભારતને ખુશી થશે

(એ.આર.એલ),ટોકયો,તા.૨૧

વિશ્વની સાત વિકસિત અર્થવ્યવસ્થાના સંગઠન જી૭એ સંયુક્ત નિવેદનમાં ચીનને કડક ચેતવણી આપી છે. સંસ્થાએ ચીનનું નામ લીધા વિના વિશ્વમાંથી કોઈપણ એક દેશનું આર્થિક વર્ચસ્વ ખતમ કરવાના શપથ લીધા હતા. જાપાનના હિરોશિમા શહેરમાં સંસ્થાની બેઠકના બીજા દિવસે સંયુક્ત નિવેદન બહાર પાડવામાં આવ્યું હતું.

આ નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે જો જી-૭ અને તેના ભાગીદાર દેશોની આર્થિક સ્થિતિનો હથિયાર તરીકે ઉપયોગ કરવામાં આવશે તો તેના પરિણામોનો સામનો કરવો પડશે. કોઈપણ એક દેશના આર્થિક વર્ચસ્વને રોકવા માટે જરૂરી પગલાં લેવામાં આવશે. જી૭ દેશોએ ચીનને અપીલ કરી છે કે તે યુક્રેન સાથે યુદ્ધ ખતમ કરવા માટે રશિયા પર દબાણ કરે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી જી-૭ સમિટમાં ભાગ લેવા જાપાનના હિરોશિમા ખાતે પહોંચ્યા છે. આ દરમિયાન મોદીએ હિરોશિમામાં ક્વાડ દેશોના વડાઓ સાથે મુલાકાત કરી. હિરોશિમામાં 'ક્વાડ'ની વાર્ષિક સમિટમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડન, જાપાનના વડાપ્રધાન ફ્યુમિયો કિશિડા અને ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બેનિસે વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરી. ક્વાડ દેશોએ નામ લીધા વિના ચીન પર નિશાન સાધ્યું. ક્ષેત્રમાં ચીની સૈન્યની આક્રમક પ્રવૃત્તિઓની વચ્ચે ક્વાડ નેતાઓએ કહ્યું, ×અમે અસ્થિરતા અથવા એકતરફી પ્રવૃત્તિઓનો સખત વિરોધ કરીએ છીએ, જે બળજબરીથી યથાસ્થિતિને બદલવાનો પ્રયાસ કરે છે. દી -૭ સમિટમાં ક્વાડની બેઠક દરમિયાન મોદીએ ક્વાડ દેશોના દિગ્ગજ નેતાઓની સાથે વૈશ્વિક પડકારો પર ચર્ચા કરી. તેમણે કહ્યું કે, આજે મિત્રોની વચ્ચે આ ક્વાડ સમિટમાં ભાગ લઈને આનંદ થઈ રહ્યો છે. તેમણે કહ્યું કે ક્વાડ ગ્રુપ ઈન્ડો-પેસિફિકમાં શાંતિ, સ્થિરતા અને સમૃદ્ધિ સુનિશ્ચિત કરવા માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ છે. તેમાં કોઈ શંકા નથી કે ઈન્ડો પેસિફિક એ વેપાર, નવીનતા અને વિકાસનું એન્જિન છે.

પીએમ મોદીએ કહ્યું, ×હું આ સમિટની સફળ અધ્યક્ષતા માટે ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બેનિસને અભિનંદન આપું છું. ૨૦૨૪માં ક્વાડ નેતાઓના શિખર સંમેલનને આયોજિત કરવામાં ભારતને ખુશી થશે.× વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ''અમે સર્વસંમત છીએ કે ઈન્ડો-પેસિફિકની સુરક્ષા અને સફળતા માત્ર આ ક્ષેત્ર માટે જ નહીં પરંતુ વિશ્વ માટે મહત્વપૂર્ણ છે. રચનાત્મક એજન્ડા સાથે, અમે સહિયારા લોકતાંત્રિક મૂલ્યોના આધારે આગળ વધી રહ્યા છીએ. સહિયારા પ્રયાસોથી અમે મુક્ત, ખુલ્લા અને સર્વસમાવેશક ઈન્ડો-પેસિફિકના અમારા વિઝનને વ્યવહારુ પરિમાણ આપી રહ્યા છીએ. મારું માનવું છે કે, ક્વાડ વૈશ્વિક ભલાઈ, માનવ કલ્યાણ, શાંતિ માટે કામ કરવાનું ચાલુ રાખશે.×

મોદીએ કહ્યું હતું, 'આજે પણ 'હિરોશિમા' શબ્દ સાંભળીને દુનિયા ચોંકી ઊઠે છે. જી-૭ સમિટ માટે મારી જાપાનની મુલાકાત દરમિયાન મને મહાત્મા ગાંધીની પ્રતિમાનું અનાવરણ કરવાની તક મળી હતી. 'આજે વિશ્વ જળવાયુ પરિવર્તન અને આતંકવાદ સામે ઝઝૂમી રહ્યું છે. જળવાયુ પરિવર્તન સામેની લડાઈમાં બાપુના આદર્શો હજુ પણ સુસંગત છે. તેમની જીવનશૈલી પ્રકૃતિ પ્રત્યે આદર, સમન્વય અને સમર્પણનું ઉત્તમ ઉદાહરણ છે. હિરોશિમામાં મહાત્મા ગાંધીની પ્રતિમા અહિંસાના વિચારને આગળ વધારશે. મેં જાપાનના પીએમને ભેટમાં આપેલું બોધિ વૃક્ષ અહીં હિરોશિમામાં વાવવામાં આવ્યું છે, જેથી લોકો અહીં આવે ત્યારે શાંતિનું મહત્ત્વ સમજી શકે.૨૦૨૨માં જાહેર કરાયેલા અમેરિકન ડેટા ઈન્ટેલિજન્સ ફર્મ 'ધ મોર્નિંગ કન્સલ્ટ'ના સર્વે અનુસાર, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એપ્રૂવલ રેટિંગમાં અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડન અને ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બેનીઝ સહિત ૨૨ દેશના નેતાઓને પાછળ છોડી દીધા છે. પીએમ મોદીનું એપ્રૂવલ રેટિંગ ૭૫% છે. તેઓ છેલ્લાં સતત બે વર્ષથી આ રેટિંગમાં ટોચ પર છે.

## CM ભૂપેન્દ્ર પટેલના PROના પુત્રનું વડોદરા નજીક માર્ગ અકસ્માતમાં કરૂણ મૃત્યુ

વડોદરાઃ રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના PROના પુત્રનું વડોદરા નજીક માર્ગ અકસ્માતમાં મૃત્યુ થયાના અહેવાલ છે. મીડિયા રિપોર્ટ અનુસાર ગત રાતે થયેલા અકસ્માતમાં એક યુવકનું મૃત્યુ જ્યારે બેને ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. મૃતકની ઓળખ સીએમઓના પીઆરઓના પુત્ર વશિષ્ઠ વૈષ્ણવ તરીકે કરવામાં આવી છે. રાતે જ મૃતકનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યા બાદ પરિવારને મૃતદેહ સોંપવામાં આવ્યો હતો. બનાવને પગલે સ્થાનિક પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર વડોદરા જિલ્લાના કરજણ તાલુકાના દેથાણ પાસે નેશનલ હાઈવે પર કારને અજાણ્યા વાહને ટક્કર મારતા CMના PROના પુત્ર વશિષ્ઠ વૈષ્ણવનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. આમ તો રાતે પોસ્ટમોર્ટમ કરવામાં આવતું નથી. પરંતુ સીએમના PROના પુત્રનું મૃત્યુ થયું હોવાથી રાત્રે જ પોસ્ટમોર્ટમ કરીને પરિવારને મૃતદેહ સોંપી દેવાયો હતો. ત્યારબાદ વશિષ્ઠના મૃતદેહને અને અકસ્માતમા ઈજા પામેલા બે લોકોને સારવાર માટે ગાંધીનગર લઈ જવામાં આવ્યા હતા.મીડિયા રિપોર્ટ મુજબ ગત મોડીરાતે CMOના PROના પુત્ર વશિષ્ઠ વૈષ્ણવ સહિત ૩ યુવક ભરૂચથી ગાંધીનગર જવા માટે કારમા નીકળ્યા હતા. આ દરમિયાન કાર વડોદરા જિલ્લાના કરજણ તાલુકાના દેથાણ પાસે પહોંચતા ઉભી રાખી હતી. દરમિયાન પૂરપાટ ઝડપે આવતા અજાણ્યા વાહને કારને અડફેટે લેતા વૈષ્ણવ સહિત ૩ યુવકો ઝપેટમાં આવી ગયા હતા. જેમાં વૈષ્ણવનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મૃત્યુ નીપજ્યું હતું.બનાવની જાણ થતાં આસપાસના લોકો ઘટનાસ્થળે દોડી ગયા હતા અને જાણ કરતા પોલીસ તેમજ એમ્બ્યુલન્સની ટીમ પણ પહોંચી ગઈ હતી. ત્યારબાદ વૈષ્ણવને અને બંને ઈજાગ્રસ્ત યુવકોને સારવાર માટે નજીકની હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. વૈષ્ણવના મૃત્યુની જાણ થતાં પરિવારના પગ નીચેથી જમીન ખસી ગઈ હતી અને બધા હોસ્પિટલ ખાતે દોડી ગયા હતા. રાતે જ પોસ્ટમોર્ટમ કરીને ડોક્ટરોએ વૈષ્ણવી બોડ પરિવારને સોંપી હતી.પ્રાપ્ત વિગતો અનુસાર રવિવારે સાંજે વૈષ્ણવની અંતિમયાત્રા નીકળશે અને સેકટર-૩૦ના મુકિતધામ ખાતે તેના અતિમ સંસ્કાર કરવામાં આવશે. બનાવને પગલે પરિવારમાં શોકનો માહોલ છવાયો છે. બીજી તરફ પોલીસે પણ અજાણ્યા વાહનચાલક સામે ગુનો દાખલ કરીને તેને પકડવા માટે કામે લાગી ગઈ હોવાનું જાણવા મળ્યું છે. બંને ઈજાગ્રસ્તોની પૂછપરછ બાદ અકસ્માત કેવી રીતે થયો તે જાણી શકાશે.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આયોજિત કાર્યક્રમમાં

## ૪૦૦ કરોડના વિકાસ કામોનું કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે લોકાર્પણ ખાતમુહૂર્ત

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ શાહે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આયોજિત કાર્યક્રમમાં રૂપિયા ૪૦૦ કરોડના વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કર્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ સ્માર્ટ સિટી મિશન અંતર્ગત પાટનગરના સેક્ટર ૨૧ ખાતેના ડિસ્ટ્રિક્ટ શોપિંગ સેન્ટરમાં ૧,૭૦૦ દ્વિચક્રી વાહનો, ૭૦૦ ફોર વ્હીલર પાર્ક થઈ શકે તેવા પાર્કિંગનું લોકાર્પણ ઉપરાંત સેક્ટર ૧૧,૧૭,૨૧ અને સેક્ટર ૨૨માં ચાર માર્ગીય રસ્તા સહિતની આંતર માળખાકીય સુવિધાના રૂ. ૨૫ કરોડના વિકાસ કામો તેમજ શહેરમાં રૂ. ૬.૪૫ કરોડના ખર્ચે સ્થાપિત ૬૪૫ દ્વઉના સોલર રૂફ ટોપ અને ૨૨૦ દ્વઉના સોલર ટ્રીનું પણ લોકાર્પણ કર્યું હતું.આ ઉપરાંત કેન્દ્રીય મંત્રીશ્રી અમિતભાઈએ વિવિધ વિકાસ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત પણ કર્યું હતું. જેમાં ×રેલવે ફાટક મુક્ત ગુજરાત× અભિયાન, અંતર્ગત ૬ નંબરના રોડ પર રૂ. ૫૮.૧૭ કરોડના ખર્ચે તૈયાર થનારા રેલવે ઓવરબ્રિજ, રાંધેજા તથા ગાંધીનગર મહાનગરપાલિકાના અધિકારી ગણ તથા કર્મચારી ગણ માટે રૂ. ૨૮ કરોડના ખર્ચનું નિર્માણ તેમજ રાંધેજા તથા પેથાપુર ખાતે રૂ.૪.૫૨ કરોડના ખર્ચે અધ્યતન સ્મશાન ગૃહ નિર્માણ, સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત રૂ. ૧૨.૪૫ કરોડના ખર્ચે વાવોલ ગામમાં તળાવના ડેવલપમેન્ટનું કામ, ચરેડી ખાતે વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશન બનાવવાનું રૂ. ૨૧.૩૫ કરોડનું કામ, ધોળાકૂવામાં પાકા રસ્તા અને પીવાના પાણીની પાઇપ લાઇન નાખવાના રૂ. ૩.૪૦ કરોડના કામ ઉપરાંત પેથાપુર ખાતે રૂ. ૪૦.૧૫ કરોડના ખર્ચે તૈયાર થનારા ગંદા પાણીના વૈજ્ઞાનિક ઢબે નિકાલ તથા ટ્રીટમેન્ટ માટેના સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ નિર્માણના કાર્યોનું ખાતમુહૂર્ત કર્યું હતું. આ સિવાય જુદા જુદા ટીપી વિસ્તારમાં રૂ. ૩૩.૪૮ કરોડના ખર્ચે ત્રણ વોટર ડિસ્ટ્રીબ્યુટરના બાંધકામ, રૂ. ૫૫.૪૯ કરોડના ખર્ચે પીવાના પાણીની પાઇ પલાઇન નાખવાની કામગીરી ઉપરાંત રૂ. ૨૧.૧૯ કરોડના ખર્ચે ટર્મિનલ સિવરેજ પંપીંગ સ્ટેશન બાંધકામ તેમજ સુઘડ ખાતે રૂ. ૧૭.૩૭ કરોડના ખર્ચે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ તેમજ ક્લિયર વોટર પંપ હાઉસના કામો, ભાટ ખાતે ૨૫ એમ.એલ.ડી ક્ષમતાના રૂ. ૩૦.૯૭ કરોડના ખર્ચે ટ્રીટમેન્ટ પ્લાન્ટનું કામ તેમજ રૂ. ૫.૧૮ કરોડના ખર્ચે સરગાસણ વિસ્તારમાં ગટર લાઈન તેમજ પાણીના જોડાણ માટેના વિવિધ કામોનું પણ કેન્દ્રીય ગૃહ મંત્રીએ ખાતમુહૂર્ત કર્યું હતું. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા યોજાયેલા અંદાજે રૂ. ૪૦૦ કરોડના વિવિધ કામોના લોકાર્પણ અને ખાતમુહૂર્તના આ પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહે ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલા સેક્ટર ૩૦ અને બોરીજ ગામમાં બગીચા તેમજ સેક્ટર ૧,૩,૨૧,૨૩,૨૫ અને સેક્ટર ૨૬માં આવેલા બગીચાઓનું રીનોવેશન તેમજ વિવિધ સેક્ટરોમાં કમ્પાઉન્ડ વોલના નિર્માણના વિકાસ કામોનું ખાતમુહૂર્ત પણ કર્યું હતું તેમણે આ અવસરને વિકાસનો ઉત્સવ ગણાવ્યો હતો.

## કબૂતરબાજીના માસ્ટરમાઈન્ડ બોબી પટેલના ૨ સાગરીતોની ધરપકડ, કેસમાં આવ્યો વળાંક!

અમદાવાદઃ ગુજરાત પોલીસના સ્ટેટ મોનિટરિંગ સેલ (એસએમસી)એ શનિવારે મુંબઈના મલાડ (વેસ્ટ)ના રહેવાસી પ્રવિણ પટેલ અને હિતેશ પટેલની ગેરકાયદેસર ઈમિગ્રેશન રેકેટના સંબંધમાં ધરપકડ કરી હતી. SMC અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ બંનેના તાર ભરત પટેલ ઉર્ફે બોબી સાથે જોડાયેલા છે. ઉલ્લેખનીય છે કે કબૂતરબાજીના માસ્ટરમાઈન્ડ બોબી પટેલના આ ૨ સાગરીતોની ધરપકડ થતા હવે કેસમાં નવા ખુલાસાઓ થઈ શકે છે. SMCના DSP કે ટી કામરીયાએ જણાવ્યું હતું કે બંને આરોપીઓ ગાંધીનગર જિલ્લાના ડીંગુચા અને મલેકવાસણના વતની છે. હવે આ કેસમાં નવા ખુલાસાઓ પણ સામે આવી શકે છે. આમની પાસેથી ૫ મોબાઈલ, આધારકાર્ડ, કાર સહિતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.ઉલ્લેખનીય છે કે આ બંને વ્યક્તિઓ ગામડાના અગ્રણી હતા. જેના કારણે ગામના જે અન્ય લોકો છે તેના સંપર્કમાં તેઓ સતત રહેતા હતા. એટલું જ નહીં ગેરકાયદેસર રીતે લોકોને US જોવા પ્રેરણા આપી તેમને મદદ પણ કરતા હતા. આ દરમિયાન તેઓ બોબી પાસે લોકોને મોકલતા હતા. જેમાં જણાવતા હતા કે બોબી તેમની પાસેથી આ કામ કરવા માટે રૂપિયા ૨૦ લાખથી વધુની રકમ ચાર્જ કરશે અને તેમને પણ કેટલાક રૂપિયા આપતા હતા. નોંધનીય છે કે વર્ષોથી આ શખસોએ કેટલા લોકોને યુએસ મોકલ્યા એની સત્તાવાર માહિતી મળી શકી નથી.આ કેસમાં જે તપાસ કરી રહ્યા છે તે અધિકારીઓએ જણાવ્યું કે આ બંને કેનેડા - યુએસ બોર્ડ પર મૃત્યુ પામેલા ડિંગુચા પરિવારના મૃત્યુ સાથે સંકળાયેલા નથી. જોકે આ કેસમાં બોબી પટેલનું નામ સામે આવ્યું હતું ત્યારપછી પોલીસે વધારે તપાસ હાથ ધરી દીધી છે. SMC અધિકારીઓએ શનિવારે આરોપીના સાત દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. પોલીસે મોબાઈલ ફોન, રોકડ, કાર, બેંકના દસ્તાવેજો, ઓળખ પત્ર અને અન્ય દસ્તાવેજો પણ કબજે કર્યા છે. SMC અધિકારીઓ આ વર્ષે કેનેડા-યુએસ બોર્ડર પર બીજા મૃત્યુના કેસની પણ તપાસ કરી રહ્યા છે. જોકે આરોપીઓ હજુ સુધી નાસતા ફરતા રહ્યા છે.ઈડીએ હવે ગેરકાયદે ઈમિગ્રેશન સ્કેમમાં તપાસ હાથ ધરી છે. જે બાદ ઈડીએ લગભગ ૧૫ દિવસ પહેલા ગેરકાયદે ઈમિગ્રેશનમાં કથિત સંડોવણી બદલ બોબી ઉર્ફે ભરત પટેલ વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી હતી. સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા બોબી પટેલની ધરપકડ બાદ ઈડીએ આ કાર્યવાહી હાથ ધરી છે. સૂત્રોનું કહેવું છે કે, બોબી પટેલ છેલ્લાં નવ વર્ષથી હ્યુમન સ્મલિંગના સ્કેમ સાથે સંકળાયેલો છે. એવી પણ શંકા છે કે, તેણે મહેસાણા, અમદાવાદ અને ગાંધીનગરમાંથી લગભગ ૨૦૦ જેટલાં લોકોને કથિત રીતે વાયા કેનેડાથી અમેરિકામાં ગેરકાયદે રીતે મોકલ્યા છે. તેણે આ કામ તેના સહયોગી ચરણજિત સિંહની મદદથી પાર પાડ્યું હતું. ચરણજિત સિંહ પણ અમેરિકાનો પાસપોર્ટ ધરાવે છે.



જીપેરી-જીટીયુ મહેસાણામાં G20 અંતર્ગત યુવા સંવાદ,યુથ ટોક ૨૦ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન રાજ્યસભાના સંસદ શ્રી જુગલજી લોખંડવાલા , મહેસાણા વિધાનસભાના ધારાસભ્ય શ્રી મુકેશભાઈ પટેલ ,ગુજરાત પ્રદેશ બક્ષીપંચ મોરચાના પ્રમુખ મયંકભાઇ નાયક,પંકજ મારેચા(નહેરુ યુવા કેન્દ્ર), રાજેન્દ્રકુમાર ચૌધરી (ખેરવા જિલ્લા પંચાયત સીટ ના ડેલિગેટ) મિહિરભાઈ પટેલ(ગોઝારીયા જિલ્લા પંચાયત સીટ ના ડેલિગેટ), પ્રકાશભાઈ પટેલ (મહામંત્રી તાલુકા ભાજપ) ,હિતેન્દ્રભાઇ ચૌધરી( ઉપપ્રમુખ તાલુકા ભાજપ), ઝોન સંયોજક વિશાલભાઈ ગજ્જર, જિલ્લા સંયોજક જીગરભાઈ પટેલ તથા મહેસાણા તાલુકાના સંયોજક શ્રી રવિરાજસિંહ ઝાલા, યોગેશભાઈ ચૌધરી ,વિજયભાઈ બારોટ અને દેવરાજભાઈ ગાંધી તથા અન્ય મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. આ યુવા સંવાદ કાર્યક્રમમાં વહેચાયેલ ભવિષ્ય..લોકશાહી અને શાસનમાં યુવા વિષય પર શ્રી વિવેકભાઈ શાહ સાહેબે ખુબ સુંદર વક્તવ્ય આપ્યુ હતું તથા સર્વ મહેમાનો અને તજજ્ઞો દ્વારા વિદ્યાર્થીઓ એ પુછેલ વિવિધ પ્રશ્નો ના જવાબ આપ્યા હતા. યુવાઓને પ્રકૃતિથી વાકેફ કરાવવા માટે આ સમગ્ર આયોજન પ્રિન્સિપાલ ડો. ચિરાગ વિભાકરના માર્ગદર્શન હેઠળ શ્રી દિનેશ રાજપુત, ડો. નરહરીપ્રસાદ સાધુ અને ડો.કિશોર રાજપુત ના આયોજન હેઠળ વૃક્ષોની વચ્ચે કરવામાં આવ્યું હતું.

## કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહના હસ્તે ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં રમકડા બેંકનો આરંભ કરાયો

ગાંધીનગર,

અમિત શાહે ગાંધીનગર નજીકના બોરીજ ખાતેથી જરૂરિયાતમંદ બાળકોને રમકડા વિતરણ કરીને, ગાંધીનગર ખાતે રમકડા બેંક અભિયાનનો આરંભ કરાવ્યો હતો. કેન્દ્રીય મંત્રીશ્રીએ બાળકોને ચોકલેટ અને ફ્રૂટનું વિતરણ કર્યું હતું.રમશે બાળકો, ખીલશે બાળકો 'નાં ઉમદા ભાવ સાથે ગાંધીનગર લોકસભા વિસ્તારમાં ભારતીય જનતા પાર્ટીનાં કાર્યકરો દ્વારા ઘરે ઘરે જઇને જરૂરિયાતમંદ બાળકો માટે રમકડાં એકઠા કરવામાં આવ્યા હતા. આજે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહે ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલા બોરીજ પ્રાથમિક શાળા ખાતે જરૂરિયાતમંદ ૨૦૩ જેટલા બાળકોને આ રમકડાનું વિતરણ કરીને આ ઉમદા અભિયાનનો આરંભ કરાવ્યો હતો. કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહ બાળકોનો પ્રેમ અને લાગણી જોઇને તેમની તરફ આકર્ષાયા હતા. બાળકો બેઠા હતા ત્યાં તેમની વચ્ચે જઇને તેમણે બાળકોને ચોકલેટ અને ફ્રટનું વિતરણ કર્યું હતું. આ પ્રેમાળ સ્વભાવથી નાના ભુલકાઓનો ઉત્સાહ વધી ગયો હતો. બાળકો સામે ચાલીને તેમની પાસે ચોકલેટ અને ફ્રુટ લેવા માટે જતા હતા.આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી હિતેષ મકવાણા, ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ, માણસાના ધારાસભ્ય શ્રી જે.સી.પટેલ, ડેપ્યુટી મેયર શ્રી પ્રેમલસિંહ ગોલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી જસવંતભાઇ પટેલ, ગાંધીનગર જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી અનિલભાઇ પટેલ, શહેર ભાજપ પ્રમુખ શ્રી રૂચિરભાઇ ભટ્ટ સહિત કોર્પોરેટરશ્રીઓ અને બોરીજ ગામના નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## નકલી પત્રકાર બની ખંડણી માગતા વિનય દુબે અને એક મહિલા વિરુદ્ધ ફરિયાદ

(એ.આર.એલ),અમદાવાદ,તા.૨૧

ઠગબાજોના સમાચાર આપતા પત્રકાર પણ હવે નકલી હોય તેવું સામે આવી રહ્યું છે. અમદાવાદમાં એક શખ્સે નકલી પત્રકાર બની કરોડોની ખંડણી માગતા પોલીસ ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદીના ઘરે ઈક્રમટેક્સના દરોડા પડ્યા હતા. આ દરોડાના સમાચાર છાપવાની ધમકી આપી વિનય દુબે અને પરિધિ નામની મહિલાએ ૩ કરોડની ખંડણી માગી હતી. વિનય દુબે નામનો શખ્સે યુટ્યુબ ચેનલ ચલાવે છે અને તેને પત્રકાર તરીકેની ઓળખ આપી ખંડણી માગતા ફરિયાદીએ નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. હાલ તો સમગ્ર મામલે નવરંગપુરા પોલીસે વિનય દુબે અને પરિધિ નામની મહિલા વિરુદ્ધ ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ અગાઉ વલસાડમાં નકલી પત્રકાર બની યુ-ટ્યૂબ ચેનલ ચલાવનારા સામે કાર્યવાહી કરાઈ હતી. આરોપી મોહમ્મદ અલી ઉર્ફે રિંકુ ગોલ્ડ કોઈન નામની યુ-ટ્યૂબ ચેનલ ચલાવી લોકો પાસેથી ઉઘરાણી કરતો હતો. જો કે, તેણે એક મહિલા સાથે છેતરપિંડી આચરીને રૂપિયા ૬૬ હજાર લીધા હતા. જે બાદ પૈસાને લઈ ધમકીઓ આપતો હતો. પોલીસે આ નકલી પત્રકારને પકડી કાર્યવાહી હાથ ધરી હતી. મહિલાએ વર્ષ ૨૦૧૯માં અન્ય મહિલા પાસે ધંધામાં ખોટ જતી હોવાનું જણાવી ૧.૮૦ લાખ ઉધાર માંગ્યા હતા. જે બાદ મહિલાને પરત કર્યા ન હતા. જેથી મહિલાએ વલસાડના એક યુટ્યુબ ચેનલના રિપોર્ટરનો સંપર્ક કરીને ઉછીના રૂપિયા લઈને પરત ન આપતી મહિલા વિરુદ્ધ સમાચાર બનાવવા જણાવતા ખાનગી યુટ્યુબ ચેનલ ચલાવતા રિપોર્ટરે ૬૬ હજારની માંગણી કરી હતી. જેથી મહિલાએ રોકડા અને ડિજિટલ પેમેન્ટ વડે ચુકવણું કર્યું હતું. દિવસો સુધી ઉછીના આપેલા રૂપિયા પરત આવ્યાં ન હતા. જેથી મહિલાએ યુટ્યુબ ચેનલના રિપોર્ટરને આ બાબતે વાત કરતા તેઓએ અભદ્ર ભાષામાં વાત કરી હતી. જેને લઈ મહિલાએ સીટી પોલીસ મથકે યૂટ્યૂબ વડે ખાનગી ચેનલ ચલાવતા રિપોર્ટર વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી. તો બીજી તરફ ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના ગ્રામ્ય પંથકમાં ક્લિનીક ચલાવતા મહિલા તબીબ પાસે તોડબાજીના ઈરાદે કહેવાતા પત્રકારે રોફ છાંટી અછાજતી માંગણી કરી હતી અને જો તેમ નહિ કરે તો દવાખાનું બંધ કરાવી દઈશ તેવી ધાક ધમકી આપી ખંડણી માંગી હતી. આ અંગે મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. જેને લઈને પત્રકાર હોવાનો રોફ છાંટતા દેવગડાના ઉમેશ ગોહિલ નામના શખ્સ વિરુદ્ધ બગદાણા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી હતી. જોકે આ શખ્સ વિરુદ્ધ ગામમાં અનેક ફરિયાદો અને આજુબાજુના વિસ્તારમાં ભારે રંજાડ હોવાનું પણ બહાર આવ્યું હતું.

Home/Personal Tuition
Physics
Dr. Chintan Trivedi
M.Sc, M.Phil, Ph.D in Physics
and 15 years of teaching experience
Admission open
year 2023-24
Special Batch for Repeater students starts from 10th May, 2023
11TH -12TH Science
Board/NEET/JEE
Call Or Whatsapp for Demo :
9925260536
Place : Gandhinagar

## તંત્રી સ્થાનેથી...

# કર્ણાટકમાં સિદ્ધારમૈયા

કર્ણાટકમાં કોંગ્રેસની જીત બાદ મુખ્યમંત્રી પદ માટે બે મુખ્ય દાવેદારો સિદ્ધારમૈયા અને ડીકે શિવકુમાર વચ્ચે રસાકસી ચાલી રહી હતી અને પાંચ દિવસ સુધી આ તમાશો ચાલતો રહ્યો. છેવટે કોંગ્રેસે રાજ્યમાં પાર્ટીની જીતના બે સૌથી પ્રમુખ ચહેરાને તેમની સરકારના બે પ્રમુખ તરીકે પસંદ કરવા પડ્યા છે. સિદ્ધારમૈયા મુખ્યમંત્રી બનશે અને ડીકે શિવકુમાર નાયબ મુખ્યમંત્રીની સાથે સાથે પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ પણ બની રહેશે. આમ તો રાજકારણમાં ઉતરનારા દરેક વ્યક્તિની એ જ મનોકામના હોય છે કે તે સત્તાના શિખર પર પહોંચે, પરંતુ તમામ યોગ્ય લોકોમાં એક જ ભાગ્યશાળી હોય છે. આ નિર્ણયમાં કોંગ્રેસ હાઈકમાન્ડની દૂરદર્શીતા અને મજબૂરી, બંને જોઈ શકાય છે. એક તરફ તેણે રાજ્યના સૌથી લોકપ્રિય અને અનુભવી રાજનેતા સિદ્ધારમૈયાને સરકારના વડા તરીકે ચૂંટ્યા છે. બીજી તરફ, તેણે ડીકે શિવકુમારની બહેતરી સાંગઠનિક ક્ષમતાનું સન્માન કરતાં તેમને પ્રદેશ પાર્ટીના વડા જાળવી રાખ્યા છે. હવે આ જોડી પર લોકસભા ચૂંટણીમાં કર્ણાટક કરતાં બહેતર પરિણામ આપવાનું દબાણ હશે. ઉલ્લેખનીય છે કે ગઈ લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસને ૨૮માંથી માત્ર એક સીટ મળી હતી.

જ્યાં સુધી મજબૂરીની વાત છે તો આ નિર્ણયમાં કોંગ્રેસે પોતાના સિદ્ધાંત સાથે ફરી એક વખત સમજૂતી કરવી પડી છે. પાર્ટીએ ઉદયપુર ચિંતન શિબિરમાં 'એક વ્યક્તિ એક પદ'નો સંકલ્પ લીધો હતો. પરંતુ હવે ડીકે શિવકુમારને સરકાર અને સંગઠનમાં બે મહત્ત્વનાં પદ સોંપવાનું ઉદાહરણ ભવિષ્યના મહત્ત્વાકાંક્ષી નેતાઓને પાર્ટીમાં સોદાબાજીનો આધાર ઉપલબ્ધ કરાવશે. કોઈપણ લોકતાંત્રિક પાર્ટીમાં આંતરિક પ્રતિસ્પર્ધા સ્વાભાવિક છે, પરંતુ તે તેની જીવંતતાનું અનિવાર્ય પાસું પણ છે, પરંતુ શું અનુશાસિત થયા વિના કોઈ સંગઠન પોતાનું લ-ય હાંસલ કરી શકે છે? ખુદ કર્ણાટકે તેનું ઉદાહરણ આપ્યું છે. કોંગ્રેસે રાજ્યના મતદારોને એ જ સંદેશ આપ્યો કે તેઓ એકજુટ છે અને નિશ્ચિત કાર્યક્રમોના વાયદા સાથે જનાદેશની માંગ કરી રહી છે. પરંતુ પરિણામ બાદ સરકાર રચનાની કવાયત મુદ્દે નકારાત્મક વાતો જ મથાળાંમાં ચમકી. એવું નથી કે સત્તાની ખેંચતાણ માત્ર કોંગ્રેસમાં થાય છે. તેની મુખ્ય હરીફ ભાજપના નેતૃત્વને પણ કેટલાય રાજ્યોમાં મુખ્યમંત્રી પસંદ કરવામાં સમય લાગ્યો. પરંતુ આ બંને પાર્ટીઓમાં ફરક એ છે કે ભાજપે પોતાના સાંગઠનિક અનુશાસન પ્રત્યે વધુ જાગૃત છે. કેટલીય વાર જોવા મળ્યું છે કે ભાજપે કોઈ નિર્ણય કરી લીધો, તો તેને બધાએ માથે ચડાવવો પડે. બંધારણીય ઔચિત્સની ચર્ચાને બાજુ પર રાખીએ, તો શું આજની કોંગ્રેસમાં એ કલ્પના કરી શકાય કે વિધાનસભામાં પોતાની સીટ ગુમાવી ચૂકેલા એક વ્યક્તિને પાર્ટી નેતૃત્વ મુખ્યમંત્રી કે ઉપ-મુખ્યમંત્રી બનાવવાનો નિર્ણય કરે અને બધા ધારાસભ્યો તેને ખુશી-ખુશી કબૂલ કરી લે? કોંગ્રેસે આ અનુશાસન ભાજપ પાસેથી શીખવાની જરૂર છે. આ જ ઉણપને કારણે કોંગ્રેસે મધ્ય પ્રદેશમાં સરકાર ગુમાવી હતી અને રાજસ્થાનમાં ગેહલોત-પાયલટની રાજકીય તકરાર હવે એક પ્રહસન બની ગઈ છે. કર્ણાટકના બંને નેતાઓએ ધ્યાન રાખવું પડશે કે પાર્ટીની અંદરની હોડ રાજસ્થાન જેવું રૂપ ન લે.

# ૨૦૦૦ની નોટ બદલવામાં કોઈ તકલીફ નહીં પડે, એસબીઆઈ એ જાહેર કરી નવી ગાઈડલાઈન, લોકોને મળી બે છૂટ

(એ.આર.એલ),મુંબઇ,તા.૨૧

જો તમે ૨૩ મે ૨૦૨૩થી બેંકમાં ૨૦૦૦ની ચલણી નોટ બદલવા જઈ રહ્યાં હોવ તો તમારા માટે એક મહત્વના સમાચાર છે. સમાચાર એ છે કે તમે આઈડી પ્રૂફ વિના ૨૦૦૦ રૂપિયાની નોટને બીજી નોટો સાથે બદલી શકો છો. આ માટે તમારે કોઈ ફોર્મ ભરવાનું રહેતું નથી. દેશની સૌથી મોટી સરકારી બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ પોતાના પત્રમાં આ અંગેની જાણકારી આપી છે.

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ ૨૦૦૦ની ચલણી નોટને લઈને એક નોટિફિકેશન બહાર પાડ્યું છે. એસબીઆઈએ પોતાના નોટિફિકેશનમાં કહ્યું છે કે, ૨૦૦૦ રૂપિયાની નોટ બદલવા માટે કોઈ પણ વ્યક્તિએ આઇ પ્રુફ આપવું પડશે નહીં કે કોઈ ફોર્મ ભરવું પડશે નહીં. ૨૦,૦૦૦ રૂપિયા સુધીની ૨૦૦૦ રૂપિયાની નોટ એક સાથે સરળતાથી બદલી શકાશે. ૨૩ મેથી ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૩ની વચ્ચે, કોઈપણ વ્યક્તિ જેની પાસે ૨૦૦૦ રૂપિયાની નોટો છે તે બેંકમાં જઈને સામે એટલા પૈસા લઈ શકે છે જેને માટે વધારાનું કોઈ ફોર્મ ભરવાની જરુર નથી. જો કે, થાપણોને લઈને બેંકના જે પણ નિયમો છે તેનું પાલન કરવું પડશે.

જે લોકો ગ્રામીણ વિસ્તારોમાં રહે છે તેઓ બિઝનેસ કોર્સપોન્ડન્ટ સેન્ટરની મુલાકાત લઈને પણ ૨૦૦૦ રૂપિયાની નોટ બદલી શકે છે. પરંતુ કેન્દ્રમાં માત્ર ૪૦૦૦ રૂપિયા સુધીની ૨૦૦૦ રૂપિયાની નોટો બદલી શકાય છે. બિઝનેસ કોરસપોન્ડન્ટ્સ બેંકની જેમ કામ કરે છે. તેઓ ગ્રામજનોને બેંક ખાતા ખોલવામાં મદદ કરે છે. તેઓ લેવડદેવડ પણ કરે છે. આરબીઆઈની દેશભરમાં ૩૧ જગ્યાએ રિજનલ ઓફિસ છે, પરંતુ અમદાવાદ, બેંગલુરુ, બેલાપુર, ભોપાલ, ભુવનેશ્વર, ચંદીગઢ, ચેન્નઈ, ગુવાહાટી, હૈદરાબાદ, જયપુર, જમ્મુ, કાનપુર, કોલકાતા, લખનઉ, મુંબઈ, નાગપુર, નવી દિલ્હી, પટના અને તિરુવનંતપુરમમાં ૨૦૦૦ રૂપિયાની નોટ બદલી શકાશે. રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાએ બેંકોને તાત્કાલિક અસરથી ૨૦૦૦ રૂપિયાની નોટ બહાર પાડવાનું બંધ કરવાની સલાહ આપી છે. એટલે કે બેંકો હવે ગ્રાહકોને ૨૦૦૦ની નવી નોટ નહીં આપે. રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (આરબીઆઇ)એ 'ક્લીન નોટ પોલિસી' હેઠળ ૨૦૦૦ રૂપિયાની નોટ બંધ કરવાનો નિર્ણય લીધો છે. આ પોલિસી હેઠળ આરબીઆઇ ધીમે ધીમે ૨૦૦૦ની નોટ બજારમાંથી પાછી ખેંચી લેશે.

# ૨૨ના રોજ International day for Biological diversity નિમિત્તે પ્રકૃતિ પ્રેમી સમાજને શુભેચ્છાઓ

જીવ સૃષ્ટિ ની રક્ષા કરવી તે સહુ ની જવાબદારી છે. ગુજરાત અને દેશ માં કેટલીય જીવ સૃષ્ટિ ની પ્રજાતિ લુપ્ત થઈ રહી છે. ગુજરાત માં થી ૨૪ થી વધારે જીવ સૃષ્ટિ ની પ્રજાતિ લુપ્ત થવા ના આરે. સમગ્ર દેશ માં ૪૨૦ થી વધુ વૃક્ષ, છોડ, વેલા, વનસ્પતિઓ લુપ્ત થવા ના આરે. સમગ્ર દેશ માં ૭૩ થી વધુ પ્રાણીઓ, પક્ષીઓ અને જળ સૃષ્ટિ ના જીવો લુપ્ત થવા ના આરે. શું આવનારી પેઢી ગ્રેટ ઇન્ડિયન બસ્ટરડ, ખડમોર જેવા પક્ષીઓ જોઈ સકશે? શું ઊડતી ખિસકોલી, મળતાવડી ટીટોડી આવનારી પેઢી ને જોવા મળશે? સફેદ ખાખરો ,સિમુલ, દૂધ કુડી, કુકર, દુદલા જેવા વૃક્ષો અને મીઠો ગૂગળ, કાયારીવેલ, પલાસ વેલ, માર્ચ પાંડો જેવી વનસ્પતિઓ ગુજરાત માં જોવા મળશે ખરી?

આજ રોજ રાજીવ ગાંધી સમિતિ ખાતે પ્રેસ વાર્તા ને સંબોધતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ના પ્રવકતા પાર્થિવરાજસિંહ કઠવાડિયા એ આવતીકાલે તા. ૨૨/૫/૨૦૨૩ ના રોજ વિશ્વ બાયોડાઈવર્સિટી દિવસ એટલે જીવ સૃષ્ટિ ની વિવિધતા દિન ની પ્રકૃતિ પ્રેમીઓ ને શુભેચ્છાઓ પાઠવતા



### ગુજરાતમાંથી વિલુપ્ત થતી કેટલીક પ્રજાતિઓના નામ

ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડ પક્ષી, ખડમોર પક્ષી, મળતાવડી ટીટોડી પક્ષી, ખેરો (ઇજિપ્તીયન ગીધ) પક્ષી, ઇન્ડિયન વલચર (ગીધ) પક્ષી, સુડિયો પક્ષી, કાળી ડોક પક્ષી, જળ બિલાડી, ઊડતી ખિસકોલી, બાર્કિંગ ડિયર કાકર, સીમુલ વૃક્ષ, ઉરો વૃક્ષ, સફેદ ખાખરો વૃક્ષ, દૂધ કૂડી વૃક્ષ, કુકર વૃક્ષ, મીઠો ગૂગળ, કાયારી વેલ, પલાશ વેલ, માર્ચ પાંડો વનસ્પતિ, કાચિંડા ગરોળી ની એક પ્રજાતિ ચાચી, વ્હાઈટ રમ્પડ વલચર ગીધ, હોક્સ બિલ તર્ટલ કાચબો

જણાવ્યું કે પ્રકૃતિ ની સુરક્ષા કરવી સહુ ની ફરજ છે તેવી માત્ર વાતો કરવી પણ ખરા અર્થ માં એનું જતન કરવું નહિ તેવું કેટલાક આંકડાકીય પુરાવા થી સાબિત થાય છે. નેશનલ બાયોડાઈવર્સિટી બોર્ડ ના મુજબ દેશ માં ૪૨૦ થી વધુ વૃક્ષો, છોડ, વેલાઓ, વનસ્પતિઓ ખતરા માં છે. રાજ્યસભા માં કોંગ્રેસ નેતા શ્રી મુકુલ વાસનિક ના સવાલ ના જવાબ માં ,પર્યાવરણ મંત્રી એ જણાવ્યું છે કે દેશ માં ૭૩ થી વધુ પ્રાણી, પક્ષીઓ, દરિયાઈ જીવો વિલુપ્ત થવા ના આરે છે. ગુજરાત રાજ્ય નું પોતાનું ગુજરાત બાયોડાઈવર્સિટી બોર્ડ મુજબ ગુજરાત માં ૧૬ થી વધુ વૃક્ષો, વેલાઓ, વનસ્પતિઓ ની પ્રજાતિ ખતરા માં છે જયારે ૮ થી વધુ પ્રાણી, પક્ષીઓ અને દરિયાઈ જીવો ખતરા માં છે.

ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડ ગત વર્ષ માત્ર ચાર દેખાયા હતા અને આ વર્ષે તો કદાચ એક પણ નહિ. શું આપણી આવનારી પેઢી માટે ખડમોર અને મળતાવડી ટીટોડી જેવા પક્ષીઓ શું નામ શેષ થઈ જશે? જટાયુ ની વાત આપણે રામાયણમાં સાંભળી હતી, પણ શું એ ગીધ પરિવાર ગુજરાત માં થી નામ શેષ થઈ જશે? શું આવનારા સમય માં પલાશ વેલ, મીઠો ગૂગળ જોવા નહિ મળે? શું સફેદ ખાખરો, દૂદલા,કુકર,દૂધ કૂડી જેવા વૃક્ષો નામ શેષ થઈ જશે? એક નાગરિક તરીકે સહુ એ સવાલ ઉપાડવો જોઈએ કે જીવ સૃષ્ટિ ના જતન માટે આપળે શું કરી રહ્યા છીએ? સરકાર આ જીવ સૃષ્ટિ ને બચાવવા માં ઉદાસીન કેમ? જીવ સૃષ્ટિ બચશે સે તો આપણે બચશું. સરકાર દ્વારા ભૂતકાળ ની કોંગ્રેસ સરકાર ની જેમ પ્રોજેક્ટ ટાઇગર અને વન સંરક્ષણ ના કાયદા લાવ્યા અને જીવ સૃષ્ટિ બચાવવા માટે ભરપૂર પ્રયાસો કરવા જોઈએ. પર્યાવરણ બચાવવા ની દિશા માં અલગ થી વિશેષ બજેટ ફળવાય તેની તકેદારી લેવી જોઈએ. પ્રજાતિઓ માટે વન મંત્રી વિશેષ પેકેજ ની જાહેરાત કરે તેવી એક નાગરિક તરીકે માંગ મૂકું છું.

# જમ્મુ કાશ્મીરમાં ૨૬/૧૧ જેવા હુમલાની આશંકા, G-20ના મહેમાનનો ગુલમર્ગનો પ્રવાસ રદ

શ્રીનગરઃ જમ્મુ કાશ્મીરમાં સોમવારથી શરૂ થનારી જી-૨૦ સમિટની બેઠક પહેલા જ તંત્ર દ્વારા સુરક્ષાના કારણોસર બદલાવ કર્યા છે જી-૨૦ ટૂરિઝ્મ વર્કિંગ ગ્રુપનો ગુલમર્ગનો પ્રવાસ રદ કરવામાં આવ્યો છે. વિદેશી મહેમાનોની યાત્રાના શેડ્યૂલમાં પહેલા ઉત્તર કાશ્મીરના ગુલમર્ગ સ્થિત ફેમસ સ્કી રિસોર્ટ અને દાચીગામ વાઈલ્ડ લાઈફ સેંચ્યૂરીની મુલાકાત લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જો કે, સૂત્રોનું માનીએ તો, ૨૬/૧૧ જેવા આતંકી હુમલાની સાજીશનો ખુલાસો થતા હાલ ગુલમર્ગનો પ્રવાસ રદ્દ કરવામાં આવ્યો છે.શ્રી નગર સ્થિત SKICCમાં ૨૨થી ૨૪ મે સુધી જી-૨૦ની બેઠક યોજાવાની છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આંતકી સંગઠનનો ગુલમર્ગમાં જી-૨૦ દરમિયાન ૨૬/૧૧ જેવો હુમલો કરવાની ફિરાકમાં છે. એપ્રિલ મહિનામાં સુરક્ષા એજન્સીઓએ ઓવરગ્રાઉન્ડ વર્કર ફારુક અહમદ વાનીને એરેસ્ટ કર્યો છે, જે ગુલમર્ગમાં ડ્રાઈવરના રુપમાં કામ કરતો હતો. જાણવા મળી રહ્યું છે કે, આ ઓવર ગ્રાઉંડ વર્કર ફારુક ISIના સંપર્કમાં હતો.મીડિયા રિપોર્ટ અનુસાર, જી-૨૦ની બેઠક દરમિયાન ત્રણ જગ્યાએ હુમલો કરવાનું કાવતરું ઘડવામાં આવ્યુ હતુ. આ સિવાય મહેમાનો બંધક બનાવવાનો પણ પ્લાન રચવામાં આવ્યો હતો. સૂત્રો અનુસાર, ખુફિયા એજન્સીઓએ કથિત રુપમાં ત્રણ દિવસના કાર્યક્રમ દરમિયાન આતંકીઓ સ્કૂલને ટાર્ગેટ બનાવી શકે છે તેવી ચેતાવણી આપી હતી, જે બાદ તંત્ર દ્વારા કેન્દ્ર શાસિત પ્રદેશની કેટલીક સ્કૂલો બંધ રાખવાનો આદેશ આપ્યો હતો. સુરક્ષાના કારણોસર અને લાંબી મુસાફરીને પણ કારણભૂત માનવામાં આવી રહી ચે. શ્રીનગરથી ગુલમર્ગનું સ્કી રિસોર્ટ લગભગ ૫૫ કિલોમીટર દૂર છે. તંત્ર અને વરિષ્ઠ અધિકારીઓ મુજબ, સુરક્ષાના કારણોસર ૨૧ મેના રોજ શ્રીનગર પહોંચનારા જી-૨૦ના ટૂરિઝ્મ વર્કિંગ ગ્રુપના પ્રતિનિધીઓને પ્રવાસ ટૂંકાવી દેવામાં આવ્યો છે. હાઈ પ્રોફેશનલ પ્રતિનિધિયોની દાચીગામ રાષ્ટ્રીય ઉદ્યાનની ટ્રીપને ઈન્દિરા ગાંધી મેમોરિયલ બોટનિકલ ગાર્ડન, ચશ્મા સાહી અને પરી મહસ સાથે બદલવામાં આવ્યું છે. ત્રણ દિવસના કાર્યક્રમ દરમિયાન કોઈ અઘટિત ઘટના ન બને તે માટે ઝલમ અને ડલ ઝીલમાં મરીન કમાંડો ફોર્સ અને રાષ્ટ્રીય સુરક્ષા ગાર્ડની સાથે જી-૨૦ પર્યટન ટ્રેક બેઠક સ્થળ SKI OCમાં અને તેની આસાપાસ બહુસ્તરીય સુરક્ષા ગોઠવવામાં આવી છે.આખા શહેરની હાઈ ટ્રેક ડ્રોનથી દેખરેખ રાખવામાં આવી રહી છે. કાર્યક્રમ સ્થળ આસપાસ CCTV લગાવવામાં આવ્યા છે. શ્રીનગર પોલીસ અને CRPF સતત પેટ્રોલિંગ કરી રહી છે. સૂત્રો મુજબ સુરક્ષા વ્યવસ્થા અનુસાર કાર્યક્રમ સ્થળની આશપાસ સેના, BSF,CRPF અને સ્થાનિક પોલીસની ટુકડીઓ તૈનાત કરવામાં આવી છે. શ્રીનગરમાં સાર્વાજનિક સ્થળ પર પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

# કોઈપણ સંજોગોમાં જાતિની ગણતરી કરવામાં આવશે, સરકાર પ્રતિબદ્ધ છે : જદયુ

(એ.આર.એલ),પટણા,તા.૨૧

બિહારમાં સત્તારૂઢ જનતા દળ યુનાઈટેડએ દાવો કર્યો છે કે રાજ્યમાં કોઈપણ સંજોગોમાં જાતિની ગણતરી થશે અને સરકાર તેના માટે પ્રતિબદ્ધ છે. જેડીયુના રાષ્ટ્રીય પ્રવક્તા અને મહાસચિવ રાજીવ રંજને કહ્યું કે ભારતીય જનતા પાર્ટી (બીજેપી) માં ઉજવણીનો માહોલ છે કારણ કે જાતિની ગણતરીનો મામલો કોર્ટમાં અટવાઈ ગયો છે. તેમને લાગે છે કે તેમણે તેમના ષડયંત્રોથી ગરીબ અને પછાત લોકોને અધિકારો અપાવવાની રાજ્ય સરકારની કવાયતને અટકાવી દીધી છે, પરંતુ ભાજપે જાણવું જોઈએ કે રાજ્ય સરકાર તેમની યોજનાઓને ક્યારેય સફળતા નહીં અપાવશે.

રાજીવ રંજને કહ્યું કે સરકાર પછાત અને અતિ પછાત લોકોને તેમના અધિકારો આપવા માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ છે. તેમણે કહ્યું કે જેડીયુ જાતિની ગણતરીને રોકવા માટેના તેમના તમામ કાવતરાઓને નષ્ટ કરશે, પછી ભલે ભાજપ ગમે તેટલા બળનો પ્રયાસ કરે. રંજને કહ્યું કે ભાજપ શરૂઆતથી જ પછાત અને અત્યંત પછાત સમુદાયોને તેમના અધિકારોથી વંચિત રાખવા માટે જાતિ ગણતરીનો વિરોધ કરે છે. ભલે તેમના નેતાઓએ ઉપરથી આ ગણતરીની તરફેણમાં દેખાવાની કોશિશ કરી, પરંતુ અંદરથી તેઓએ તેને રોકવા માટે કાવતરાનો સિલસિલો શરૂ કર્યો. પરંતુ, જ્યારે સામાજિક ન્યાય માટે પ્રખ્યાત એવા મુખ્યમંત્રી નીતિશ કુમારે તેમનાથી ડર્યા વિના જાતિ ગણતરીનો પ્રથમ તબક્કો સફળતાપૂર્વક પૂર્ણ કર્યો, ત્યારે તેમણે તેમના સાથીદારોને કોર્ટમાં મોકલીને તેમાં અવરોધ ઊભો કર્યો. ભાજપે એ જાણવું જોઈએ કે સત્યને થોડા સમય માટે પરેશાન કરી શકાય છે પણ હરાવી શકાય નહીં. તેમણે કહ્યું, 'અમે કોર્ટમાં પણ વિજય નોંધાવીશું અને જાતિની ગણતરી રહેશે. ભાજપને પછાત વિરોધી, પછાત વિરોધી ગણાવતા, જેડીયુના મહાસચિવે કહ્યું કે દરેક વ્યક્તિ જાણે છે કે જાતિની વસ્તી ગણતરીમાં પછાત, અતિપછાત સમાજો અને અન્ય જાતિઓની વાસ્તવિક સંખ્યા જાણી શકાઈ હોત, જેનાથી તેમને લક્ષ્ય બનાવવા અને યોજનાઓ બનાવવાનું સરળ બન્યું હોત, પરંતુ ભાજપના લોકો આ ઈચ્છે છે એટલું જ નહીં આ સમાજની સાચી સંખ્યા પણ જાણવી જોઈએ. તેમને ડર છે કે જો આ સમાજને તેની અસલી તાકાતની ખબર પડી જશે તો તે પોતાના અધિકારો માટે અવાજ ઉઠાવવા લાગશે, જે તે નથી ઈચ્છતો. રંજને કહ્યું કે ભાજપ વાસ્તવમાં સૌથી પછાત નેતાઓને વોટ બેંક સુધી સીમિત રાખવાના કાવતરામાં વ્યસ્ત છે. પછાત સમાજની મોટી સંખ્યા જોઈને આ લોકો તેમને પોતાની સાથે રાખવા ઈચ્છે છે પરંતુ તેમને યોગ્ય સન્માન આપવાનું પસંદ કરતા નથી. તેમને સૌથી પછાત સમાજના મતોની જરૂર છે, પરંતુ તેમને તેમના અધિકારો આપવાનું ભાજપના નેતાઓને સખત નાપસંદ છે. તેમણે કહ્યું કે ભાજપે જાણી લેવું જોઈએ કે અમે સૌથી પછાત સમાજને તેમના મત મેળવવા માટે છેતરવાના ભાજપના ષડયંત્રને ક્યારેય સફળ થવા દઈશું નહીં.

# ધીરેન્દ્ર શાસ્ત્રી લોકોને મૂર્ખ બનાવવાનું બંધ કરેઃ જગદગુરુ પરમહંસ

(એ.આર.એલ),ભોપાલ,તા.૨૧


મધ્યપ્રદેશના બાગેશ્વર ધામના મહંત પંડિત ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રી આ દિવસોમાં ચર્ચામાં છે. પછી ભલે તે દિવ્ય દરબાર લગાવવાની વાત હોય કે તેમના નિવેદનો વિશે. આ દરમિયાન અયોધ્યાના તપસ્વી છાવણીના પીઠાધીશ્વર જગદગુરુ પરમહંસ આચાર્યએ પંડિત ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીને લઈને મોટું નિવેદન આપ્યું છે. જગદગુરુ પરમહંસ આચાર્યએ કહ્યું કે, ધીરેન્દ્ર શાસ્ત્રી એવું કહે છે કે તેઓ ૫-૫ દિવસો સુધી બિસ્કીટ ખાઇને રહેતા કારણ કે તેમની આર્થિક સ્થિતિ સારી નહોતી. બાગેશ્વર બાબા એવું કહેતા હોય છે કે દરબારમાં હાજર થતા રહો તમે સાજા થઇ જશો. આચાર્ય પરમહંસે કહ્યું કે અમે દરબારમાં ગયા હતા ત્યાં લોકોએ અમને કહ્યું કે અમે ૬ મહિનાથી દરબારમાં હાજરી આપીએ છીએ પણ કોઇ ફરક પડ્યો નથી.

આચાર્ય પરમહંસ કહ્યું કે ધીરેન્દ્ર શાસ્ત્રી રામકથા કહે, સનાતન ધર્મનો પ્રચાર કરે તે સારી વાત છે, પરંતુ તેઓ લોકોને ભ્રમિત અને ગુમરાહ ન કરે.આચાર્યએ કહ્યુ કે જો તેઓ ખરેખર ચમાત્કાર જાણે છે, તો જમીનમાંથી સોના-ચાંદી કાઢીને બતાવે અને તેમની પાસે આવતા લોકોને વ્હેંચી દે.નોકરી માટે હાજરી આપનારા પાસે પણ તમે ફંડ લઇ રહ્યા છો કોઇને કોઇ લાભ થતો નથી. તેમણે લોકોને કહ્યું કે કોઇ પણ હનુમાન મંદિરે શ્રદ્ધાથી જાઓ અને સિંદુર ચઢાવો તમારા બધા કષ્ટ દુર થશે. સાથે જ તેમણે કહ્યુ કે ધીરેન્દ્ર શાસ્ત્રી જે રીતે ભાષાનો પ્રયોગ કરે છે તે તેમણે ન કરવો જોઇએ. હું તેમના સારા કાર્યોનું સમર્થન કરું છુ, પરંતુ ભૂત પ્રેત બહાર કાઢવું એ સંતોનું કામ નથી, તે ઓઝાનું કામ છે. કારણ કે જેઓ ભૂતની પૂજા કરે છે તેમને ભૂત જ મળે છે, આ તામસી કાર્ય છે, તેથી હું પંડિત ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીનો વિરોધ નથી કરતો, પરંતુ હું તેમના ખોટા કાર્યો, તેમની ખોટી વાતો, તેમની ખોટી નીતિઓનો વિરોધ કરું છું. જો ખરેખર તમે એવું કરી શકો છો તો મોટા મોટા સાધુ સંતો હોસ્પિટલમાં દાખલ થાય છે તમે તેમને સાજા કરી દો.

આચાર્ય પરમહંસે કહ્યુ કે આવી મૂર્ખતા વાળી વાતો તેમણે બંધ કરી દેવી જોઇએ.કારણકે જયારે આવા કામોનો ભાંડો ફુટે છે ત્યારે લોકોનો શ્રદ્ધા પરથી વિશ્વાસ ઉઠી જાય છે. જગદગુરુએ કહ્યુ કે ધીરેન્દ્ર શાસ્ત્રીના દરબારમાં જે ભીડ જાય છે તેમાંથી ૫-૧૦ લોકોની જ પરચી બને છે, બધા લોકોની પરચી બનતી નથી. પછી એવો દાવો કરવો કે નોકરી મળી જશે, બિમારી સારી થઇ જશે એ વાત ખોટી છે.

શબ્દ =એકલતા
શિર્ષકઃ કવિતાઓ ઝણઝણાટ
સરી જતી આ જીંદગી,મૃત્યુની પાસ આવે છે.
ચિત્તાના ધુમાડામાંથી, કર્મોની વાસ આવે છે.
સુરાલયો બધાજ, ડૂબી ગયા છે નશામાં,
પીવા જો હોય તો,તબાહીના જામ આવે છે.
એકલતાના રણમાં મને,મૂકીને સૌ ચાલ્યા,
શબ્દોના કાફલાનોજ,હવે સાથ આવે છે.
અવનીને છોડી રવિ,ચાલ્યો સંધ્યાની સાથ,
ત્યા ચંદ્ર ને નિશાની,બારાત આવે છે.
હૈયામાં ઊઠ્યો મધૂર,લાગણીનો વંટોળ,
ને ટેરવામાં કવિતાનો,ઝણઝણાટ આવે છે.
લગ્નની પવિત્ર વેદી તો,હજુ સમજાઈજ નથી,
ત્યા તો મૃત્યુની વેદીના,ફરમાન આવે છે.
**-નિધી મહેતા'ખુશી'(અમદાવાદ)**

# પુસ્તકોથી સારા માર્ગદર્શક દોસ્ત સલાહકાર કોઈ નહિ...




હાલમાં વેકેશનનો માહોલ છે બહાર ગરમી આગ વરસાવી રહી છે એવા સમયે ઘરમાં તમને એક સારો દોસ્ત મળી જાય છે પુસ્તકોથી વધારે સારો મિત્ર બીજો કોઈ નથી .પુસ્તકો આપણને અમૂલ્ય માર્ગદર્શન આપે છે .સારા કામો કરવાનું પ્રોત્સાહન પૂરું પાડે છે.

પુસ્તકો આપણે સુખદુઃખમાં સમભાવથી રહેવાનું મનોબળ આત્મવિશ્વાસ પૂરો પાડે છે. મહાપુરૂષોના જીવન ચરિત્ર વાંચવાથી આપણે દુઃખમાં શાંતિ અને ધીરજ જાળવી રાખવાની પ્રેરણા મળે છે પુસ્તકો વાંચવાથી આપણામાં હીંમત બહાદુરી થતા પ્રેમ જેવા ગુણોનો વિકાસ થાય છે.

સારા પુસ્તકો વાંચવાથી સારું અને નરસુ સારું અને ખોટું પારખવાની આપણી શક્તિ ખીલે છે.સારા પુસ્તકો આપણા જીવનનું ચણતર ઘડતર કરે છે સારા પુસ્તકો વાંચવાથી આપણે જીવન અને આ જગતને વિશાલ દ્રષ્ટિથી જોઈ શકીએ છીએ. આજે ખુબ જ અફસોસની અને દુઃખની વાત છે કે કોઈ પુસ્તકો વાંચતુ જ નથી સારા સારા પુસ્તકો માળિયા પર અને કબાટમાં ધૂળ ખાતા પડ્યા છે. પુસ્તકો સાચા મિત્ર માર્ગદર્શક અને મદદગાર છે.પુસ્તકો સાથેની મૈત્રી જીવનને વધારે સરળ અને સુંદર બનાવે છે.જાણકારી આપવાથી માંડીને તકલીફોમાં ઉપાય સુધી લઈ જનાર મિત્ર પુસ્તકો છે. જ્યારે આપણે નિરાશ અને ઉદાસ હોઈએ તે વખતે પુસ્તકો આપણને સાંત્વના આપે છે દિલાસો આપે છે અને આપણે મૂંઝાઈ જઈએ તે વખતે માર્ગદર્શન અને રાહત આપે છે.પુસ્તકો સારી વિચારશક્તિ અને કલ્પના કેળવવામાં મદદરૂપ થાય છે. પુસ્તકો આપણે સારા મિત્રની જેમ ઊંચે લઈ જાય છે સારા પુસ્તકો આપણામાં સારા સંસ્કારો સીંચે છે. પુસ્તકો આપણી કલ્પના શક્તિઓને ખીલવી ઉડવા માટે પાંખો આપે છે પુસ્તકોમાં સેંકડો હીરામોતી માણેકો સમાયેલા છે.આ તો એવો ખજાનો છે કે જે ચોરી થઈ શકતો નથી કોઈ લુંટી શકતું નથી.જે કદી ખૂટશે નહી.ઉલટાનું જેમ જેમ વપરાશ વધશે તેમ તેમ એના પ્રમાણમાં વધારો થશે. પુસ્તકો સારા અને સાચા મિત્રની જેમ ચુપચાપ આપણને સાથ અને સહારો પૂરો પાડે છે. સારા પુસ્તકો વહેમ અને અંધશ્રદ્ધા નાબૂદ કરે છે. દુનિયાભરના મહાન દારશનીકો કવિઓ મહાપુરૂષો તમને માર્ગદર્શન આપવા ૨૪/૭ હાજર જ હોય છે.

ગાંધીબાપુ અવારનવાર કહેતા કે જ્યારે જ્યારે મને મુંઝવણ થાય તે વખતે મેં ગીતામાંથી માર્ગદર્શન મેળવ્યું છે. સારા પુસ્તકો આપણે સમાજ જીવન અને માનવ ભાવોનું ઊંડું દર્શન કરાવી શકે છે. ગીતા કુરાન બાઇબલ જેવા આપણા પ્રાચીન ધાર્મિક પુસ્તકો સદીઓથી કરોડો લોકોના જીવનમાં અજવાળું પાથરી રહ્યા છે. ગુણવંત શાહ સાહેબ લખે છે કે જે ઘરમાં બે ચાર સારા પુસ્તકો હોય નહી એ ઘરમાં દીકરી આપવી નહીં. પુસ્તકો તમારા જીવનમાં અનેક વખત સંજીવની પુરી પાડે છે પુસ્તકો તમને સારા અને સંસ્કારી માણસ બનાવે છે વિવેક અને આદર સન્માન શીખવે છે. પુસ્તકો તમારા નીરસ જીવનમાં બહાર લાવે છે.સાચે જ પુસ્તકો કોઈ કલ્પવૃક્ષથી કમ નથી.

આ વેકેશનમાં બે ચાર સારા પુસ્તકો વાંચવાનું ચૂકશો નહી.આજથી જ હમણાથી જ શરૂઆત કરી દો.તમારું જીવન ખુશહાલ અને રંગીન બની જશે

**અબ્બાસભાઈ કૌકાવાલા**
**સુરત**

### રિયતમ મારા...

શબ્દો ને ક્યાં શરમાવું પડે છે તારી સામે, આવરણ વિનાય એ આવી શકે છે તારી પાસે!
પ્રાસ ને છંદો ક્યાં વાપરવા પડે છે તારી સામે, સજાવટ વિનાય એ દીપી ઊઠે છે તારી પાસે!
કેટલાય લાવરા કરી શકું છું તારી સામે ,
ગોઠવણ વિનાય એ શોભી ઊઠે છે તારી પાસે!
મૌન રહીને વાતો કરી શકું છું તારી સામે,
બોલ્યા વિના એ બોલી ઊઠે છે તારી પાસે!
ખુલ્લી કિતાબ બની ને આવી છું હું તારી સામે, વાંચજે તું શબ્દે શબ્દ મને,
દરખાસ્ત એટલી જ છે તારી પાસે!!
**-હિમાલી પોન્ડા "તની"(કુવેત)**

### હર જન્મ

મા તને મારી જીંદગી નાં અંત સુધી નાં વંદન છે
મા ચૌયાશી લાખ જન્મોની પીડા સહન કરતાં કરતાં
તારી કૂખે મનુષ્ય અવતાર નો જન્મ થયો છે
મા તારી પણ સહન શકિત ની કોઈ સીમા નથી
મા તે મને પણ સહન કરવાની શકિત આપી છે
તે બદલ હું મૃત્યુ નાં અંત સુધી આ તારો ઉપકાર નહીં ભુલું
મા તું જ હર જન્મ માં મારી મા બને
તેવી ઈશ્વર ને પ્રાર્થના છે
**-રેખા ભટ્ટી "વિસાણી"(ભાવનગર)**

### હવે જીંદગીથી કોઈ ફરીયાદ નથી

પણ છેલ્લે હું ક્યારે હસી હતી એ યાદ નથી
આમતો સતત હસ્યા કરૂ છું
પણ ચહેરા પર સાચું હાસ્ય ક્યારે આવ્યું એ યાદ નથી
આંખના ખુણા તો રોજ સાફ કરૂં છું
પણ આસુ ક્યારે ખરી ગયા એ યાદ નથી
સતત બધાની ઈચ્છા પુરી કર્યા કરૂ છું
પણ મારી ઈચ્છા ક્યારે મરી ગઈ ને એ યાદ નથી
શાયદ એટલે જ.....
હવે જીંદગીથી કોઈ ફરીયાદ નથી
**-જલ્પા પટોડીયા (અંકલેશ્વર)**

NEWS OF GANDHINAGAR_P-2

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-
## આયોજક : પ્રદીપ રાવલ




NOG SS No..73

વિષય..સાકાર નિરાકાર

શીર્ષક..ઈશ્વર..

સાકાર અને નિરાકારની વાત કરવાની હોયત્યારે સૌ પ્રથમ ઈશ્વરજ આવે કારણકે ઈશ્વર સાકાર છે,એ દરેક પ્રાણી માત્રમાં ને ઝાડ પાનમાં ને અણુએ અણુમાં સમાયેલો છે,આ આખું જગત સાકાર છે,આ જગતમાં ઈશ્વર હાજરો હાજર સાકાર ને સાક્ષાત છે,તેનું સ્વરૂપ એટલે ચંદ્ર દેવ સુરજ અને પવન દેવ એમના વગર માનવ જીવન જીવવું કલ્પના પણ ન કરી શકાય આજનો માનવી ગમે તેટલો આગળ નીકળી જાય તોય સૂરજને રોકીના શકે,પવનની ગતિનેધીમી કે વધારે ના કરી શકે આ સાકાર સાક્ષાત દેવો છે,છતાંય આજનો માનવી મેં કર્યું,મેં કર્યું,ના અહંકાર માં પોતાના સ્વાસ પણ ઉછીના છે એ ભૂલી જાય છે,નિરાકાર તો એ માનવી છે જે ઈશ્વરીય શક્તિનો પરિચય કરવાજ નથી માંગતી, આધુનિકતા માં અટવાયેલો માણસ એટલો બધો લાચાર બની ગયો છે કે હવે તેને ટેકનોલોજી અને આધુનિકતા વગર ચાલતું નથી,એ કુદરતની કરામત અને એની સુંદરતા જોવાનું ભૂલી ગયો છે,પહેલાના જમાનામાં માણસ જમીનને અડીને રહેતો હતો,જમીરમાં માનતો હતો એ ઈશ્વરના સાકાર સ્વરૂપને સમજતો હતો એટલેજ એ ક્યારેય હતાશા માં નહોતો રહેતો, જ્યારે આજનો માનવી ઈશ્વર થી પણ આગળ નીકળવાની હોડમાં પોતાને મળેલું જીવન પણ માણી નથી શકતો એટલેજ આજનો માનવી હતાશા નિરાશા અને એકલતામાં જીવે છે,

માણસ જયારે પોતે સાકાર બને ત્યારે ઈશ્વરનો સાક્ષાત્કાર થાય છે,ત્યારે એ ઈશ્વરની જેમજ પુજાય છે,આવા માણસની સંખ્યા ઘણી ઓછી હોયછે, કારણકે ઈશ્વરનું સાકાર સ્વરૂપ જાણવું બધાના હાથની વાત નથી..

નયના પટેલ.નૈન.

---

NOG SS No : 0110

વિષય : સાકાર-નિરાકાર

શીર્ષક :'અલૌકિક ઈશ્વરીય શક્તિઓની અનુભૂતિ '

શબ્દો : ૩૨૫

લેખકનું નામ : નિખિલ કિનારીવાળા (અમદાવાદ)

સાકાર અને નિરાકાર એ એવો વિશિષ્ટ વિષય છે, જેમાં મનુષ્યના ભક્તિ, શ્રદ્ધા અને વિશ્વાસ જોડાયેલા છે. સાકાર એટલે એક નિશ્ચિત આકાર અથવા ચોક્કસ સ્વરૂપે કોઈ અલૌકિક ઈશ્વરીય શક્તિ અથવા પૂજનીય વ્યક્તિત્વને સ્વીકારીએ છીએ અને તેની સાથે ભક્તિ, શ્રદ્ધા અને વિશ્વાસથી જોડાઈએ છીએ. આનાથી મનુષ્ય પોતાના જીવનમાં આવતા સારા કે ખરાબ સમયમાં ઈશ્વર, ગુરુ, શિક્ષક કે કોઈ વંદનીય વ્યક્તિત્વને સમર્પિત થઈને માર્ગદર્શન મેળવે છે અને માનસિક શાંતિ પ્રાપ્ત કરે છે. જ્યારે નિરાકાર એટલે જ્યાં કોઈ આકાર અસ્તિત્વ ધરાવતો નથી પણ મનુષ્ય આંખો બંધ કરીને માત્ર કલ્પના અને અનુભૂતિના જોરે કોઈ ઈશ્વરીય તત્વ અથવા અલૌકિક શક્તિઓનો અહેસાસ કરે છે અને મનની શાંતિ મેળવે છે.

હિન્દુ ધર્મશાસ્ત્રો અનુસાર પુરાતનકાળથી લઈને આજ સુધી જગતના રક્ષક અને પાલનહાર એવા ઈશ્વરના કેટલાય વિશિષ્ટ અવતાર થઈ ચૂક્યા છે જેને આપણે અધર્મના નાશ અને ધર્મના સંસ્થાપન માટે જરૂરી ગણ્યા છે. આપણે માનીએ છીએ કે આ બધા અવતારો દ્વારા ઈશ્વરે આ સૃષ્ટિના રક્ષણ કાજે અને મનુષ્યમાં ધર્મ અને નીતિ પુનઃ સ્થાપિત કરવા માટે સદેહે જન્મ લીધો અને સૃષ્ટિનું કલ્યાણ કર્યું. આટલા વર્ષે પણ આપણે તેમના દેહસ્વરૂપ સાથે ભક્તિ અને શ્રદ્ધાથી જોડાયેલાં રહીએ છીએ અને પૂજનીય ભાવથી ચોક્કસ આકાર અને સ્વરૂપની મૂર્તિની મંદિરોમાં સ્થાપના કરી ભક્તિ અને શ્રદ્ધાથી તેમને નમન કરીએ છીએ જે સાકાર સ્વરૂપે છે.

અમુક ધર્મ અને સંપ્રદાયોમાં ઈશ્વરીય શક્તિઓની નિરાકાર સ્વરૂપે અનુભૂતિ માત્ર કરવામાં આવે છે જેનો કોઈ આકાર હોતો નથી. અહીં પણ તેની સાથે મનુષ્ય પોતાની ભક્તિ, શ્રદ્ધા અને વિશ્વાસથી જોડાયેલો રહે છે અને તેના દ્વારા જીવન જીવવાનું બળ અને મનની શાંતિ પ્રાપ્ત કરે છે. બીજી તરફ સૃષ્ટિમાં પણ નદી, પર્વત, વનવગડા, વાયુ, વર્ષા જેવી કેટલીય રચનાઓ સાકાર સ્વરૂપે અને કેટલીક રચનાઓ નિરાકાર સ્વરૂપે ઉપસ્થિત હોય છે. તેમની ભવ્યતા સાથે મનથી જોડાવું જરૂરી છે અને તેમની અનુભૂતિ માત્ર પોતાના મનની શાંતિ માટે પર્યાપ્ત છે. જે સાકાર સ્વરૂપે છે તે મનુષ્ય પોતાની દ્રષ્ટિથી જોઈ શકે છે અને સ્પર્શ પણ કરી શકે છે. જે નિરાકાર સ્વરૂપે છે તેનો માત્ર અહેસાસ કરી શકાય છે. પરંતુ નિર્વિવાદપણે સાકાર અને નિરાકાર બંને અવસ્થાઓમાં મનુષ્યને પોતાની ભક્તિ, શ્રદ્ધા અને વિશ્વાસના બળે જ તેની યથાર્થ અનુભૂતિ થાય છે.

નિખિલ કિનારીવાળા, અમદાવાદ

---

NOG SS NO: 0059

વિષય: આકાર-નિરાકાર

પ્રકાર: હાઈકુ સાત.

શીર્ષક: રાખ શ્રધ્ધા કાર્યમા

જયકાન્ત ઘેલાણી પ્યારે

પ્યારે સ્વપ્નો?<br>
મળ્યો મિત્ર નો સાથ<br>
થયા સાકાર !

હોય દિ રાત?<br>
થાય કાર્ય સાકાર,<br>
હો,પ્રભુ કૃપા !

છે નિરાકાર !<br>
કાજ થાય સાકાર<br>
અટલ શ્રધ્ધા.

છે નિરાકાર ?<br>
વસે આત્મા તેમાંજ !<br>
તે સાચીં શ્રધ્ધા.

કરું સાકાર !<br>
હું મારા અરમાનો<br>
શ્રમ થકીજ.

આજ વિશ્ર્વમા<br>
સાકાર તે ધારેલુ ?<br>
શક્ય શ્રમથી.

શ્રધ્ધા કામમા ?<br>
રાખ, શ્રધ્ધા કાર્યમા !<br>
કામ સાકાર !.

જયકાન્ત ઘેલાણી - પ્યારે

ભારતમાં હીટવેવે સર્જ્યો વિનાશ!

# ભારતમાં હીટવેવને કારણે લોકો પોતાનો જીવ ગુમાવી રહ્યા છે : રિપોર્ટમાં ખુલાસો થયો

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૧

ભારતમાં હીટવેવને કારણે લોકો પોતાનો જીવ ગુમાવી રહ્યા છે અને આવનારા સમયમાં તેના કારણે વધુ લોકોના મોત થઈ શકે છે. તમે આ રિપોર્ટ પરથી અંદાજ લગાવી શકો છો કે હીટવેવ કેવી રીતે દેશવાસીઓ માટે જીવલેણ બની રહ્યો છે. અભ્યાસ આઈકયુ અનુસાર, એપ્રિલમાં હીટવેવને કારણે મહારાષ્ટ્રના નવી મુંબઈમાં લગભગ ૧૨-૧૫ લોકોના મોત થયા હતા અને ૯૦-૯૫ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ગયા વર્ષે ઘણા સમાચાર આવ્યા હતા, જેમાં કહેવામાં આવ્યું હતું કે ભારતીયો હીટવેવના કારણે મૃત્યુ પામી રહ્યા છે. તો શું ભારત ખરેખર હીટવેવને કારણે સળગી રહ્યું છે? દક્ષિણ અને દક્ષિણ પૂર્વ એશિયામાં એપ્રિલમાં હીટવેવનો અનુભવ થયો હતો. ફેબ્રુઆરીમાં કહેવામાં આવી રહ્યું હતું કે આ વખતે ઉનાળો બહુ વહેલો આવી ગયો છે. હકીકતમાં, દક્ષિણ અને દક્ષિણ પૂર્વ એશિયામાં ફેબ્રુઆરી અને એપ્રિલમાં હીટવેવનો અનુભવ થયો હતો.

કેટલીક જગ્યાએ રેકોર્ડ બ્રેક તાપમાન નોંધાયું હતું. જો આપણે ઉત્તર ભારતની વાત કરીએ તો અહીં તાપમાન ૪૪ ડિગ્રી સેલ્સિયસથી વધુ નોંધાયું હતું. બીજી તરફ જો આપણે થાઈલેન્ડ શહેરની વાત કરીએ તો ત્યાંનું તાપમાન ૪૫.૪ ડિગ્રી સેલ્સિયસ સુધી નોંધાયું હતું. ગયા વર્ષે ભારત અને પાકિસ્તાનમાં હીટવેવને કારણે લગભગ ૯૦ લોકોના મોત થયા હતા.

વર્લ્ડ વેધર એટ્રિબ્યુશન (વૈજ્ઞાનિકોનું જૂથ) ના અહેવાલ મુજબ, દક્ષિણ એશિયા અને દક્ષિણ પૂર્વ એશિયામાં હીટવેવ્સની ઘનતા અને આવર્તન ૩૦ ટકા વધે છે. વૈજ્ઞાનિકોના આ જૂથે જણાવ્યું હતું કે હવામાન પરિવર્તનના કારણે આ પ્રકારની ઘટનામાં વધારો જોવા મળી રહ્યો છે.ભારતમાં ૨૦૧૧ થી ૨૦૨૧ સુધીના ડેટા પર નજર કરીએ તો ૨૦૧૧માં ૪૦ દિવસ હીટવેવના દિવસો નોંધાયા હતા. આ વર્ષે ૧૨ લોકોએ જીવ ગુમાવ્યા છે. જ્યારે ૨૦૧૫માં સૌથી વધુ ૨૦૮૧ લોકો હીટવેવના કારણે મૃત્યુ પામ્યા હતા. આ વર્ષે ૮૬ દિવસ સુધી હીટવેવની સ્થિતિ રહી હતી. ૨૦૨૧માં હીટવેવને કારણે ૩૬ લોકોના મોત થયા હતા. આ આંકડાઓ દર્શાવે છે કે હીટવેવ પોતે જ ભારે હવામાન બની ગયું છે, જેના વિશે આપણે કંઈક કરવાની જરૂર છે.

જો તમે હીટવેવને સાદી ભાષામાં સમજવાનો પ્રયત્ન કરો તો કોઈ વિસ્તારનું તાપમાન તે વિસ્તારના સામાન્ય તાપમાન કરતાં વધી જાય અને આ સ્થિતિ સતત બે દિવસ સુધી રહે તો તેને હીટવેવ કહે છે. જ્યારે મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસ અને સામાન્ય કરતાં ૪.૫ ડિગ્રી વધારે હોય ત્યારે હીટવેવ શરૂ થાય છે. ભારતમાં, જો પારો ૪૦ થી ઉપર વધે અને સામાન્ય કરતા ૬.૫ ડિગ્રી વધારે હોય, તો આઈએમડી તેને હીટવેવ જાહેર કરે છે. હીટવેવને કારણે ૨૦૨૧માં ભારતની આવકમાં ૧૫૯ બિલિયનનું નુકસાન થયું છે. ક્લાઈમેટ ટ્રાન્સપરન્સીના રિપોર્ટમાં ૨૦૨૨માં આ માહિતી આપવામાં આવી હતી. જો જોવામાં આવે તો, ભારતની મોટાભાગની વસ્તી શ્રમ, બાંધકામ, ઉત્પાદન, કૃષિ ક્ષેત્રોમાં વધુ કામ કરે છે, જે વાસ્તવમાં ઉષ્માભર્યું કામ છે. જો તમે ઉચ્ચ ગરમીમાં કામ કરો તો ઉત્પાદકતામાં ઘટાડો થાય છે.

જો ભારતમાં હીટવેવની સ્થિતિ એવી જ રહી તો ૨૦૩૦ સુધીમાં સ્થિતિ વધુ ખરાબ થઈ શકે છે. ભારતની જીડીપીનો ૪૦ ટકા હિટ એક્સપોઝ્ડ વર્ક પર આધારિત છે અને જો તે કામની ઉત્પાદકતા ઘટશે તો તેની સીધી અસર ભારતના ૪૦ ટકા જીડીપી પર પડશે.

# કર્ણાટકમાં મહિલાઓને દર મહિને ૨૦૦૦ રૂપિયાની આર્થિક સહાય આપવામાં આવશે : મુખ્યમંત્રી

(એ.આર.એલ),બેંગ્લુરૂ,તા.૨૧

જો તમે સરકારી યોજનાઓનો લાભ લેવા માંગતા હો, તો તમે આ સરકારી યોજનાઓ માટે અરજી કરીને લાભ લઈ શકો છો. તેનાથી તમારી કેટલીક સમસ્યાઓનો પણ ઉકેલ આવી શકે છે. આ વર્ષે ૪ રાજ્યોની સરકારે મહિલાઓને આર્થિક મદદ કરવાના ઉદ્દેશ્ય સાથે આ વિશેષ યોજનાઓ શરૂ કરી છે. આ યોજનાઓ હેઠળ, સરકારે મહિલાઓને દર મહિને નાણાકીય સહાય આપવાનું કાર્ય હાથ ધર્યું છે. જેથી તેમને આગળ કોઈ સમસ્યાનો સામનો ન કરવો પડે અને તેઓ સારી રીતે જીવન જીવી શકે.

આવી જ એક યોજના કર્ણાટકના નવા મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ મહિલાઓ માટે શરૂ કરી છે. આ યોજનાને ગૃહ લક્ષ્મી યોજના નામ આપવામાં આવ્યું છે અને આ યોજનાને લાગુ કરવાના આદેશો પણ આપવામાં આવ્યા છે. આ યોજના હેઠળ કર્ણાટક રાજ્યની મહિલાઓને સરકાર દ્વારા દર મહિને ૨૦૦૦ રૂપિયાની આર્થિક સહાય આપવામાં આવશે. આ ઉપરાંત આ યોજના હેઠળ બીપીએલ કાર્ડ ધારકોને દર મહિને વ્યક્તિ દીઠ ૧૦ કિલો ચોખા મફતમાં આપવામાં આવશે.

મહિલાઓને આર્થિક રીતે સક્ષમ બનાવવા માટે મધ્યપ્રદેશ સરકારે આ વર્ષે માર્ચ મહિનામાં મુખ્યમંત્રી લાડલી બહના યોજના શરૂ કરી હતી. આ વિશેષ યોજનાનો હેતુ રાજ્યની મહિલાઓને આર્થિક રીતે સ્વતંત્ર બનાવવા અને તેમના સ્વાસ્થ્યમાં સુધારો કરવાનો છે. આ સાથે આ યોજનાનો ઉદ્દેશ્ય પરિવારના નિર્ણયોમાં મહિલાઓનો પ્રભાવ વધારવાનો છે. એમપી સરકારે તેના દ્વારા રાજ્યની લગભગ ૧ કરોડ મહિલાઓને લાભ આપવાનું લક્ષ્ય નક્કી કર્યું છે. આ યોજનાનો લાભ રાજ્યની ૨૩ વર્ષથી ૬૦ વર્ષની મહિલાઓને મળશે. મુખ્યમંત્રી લાડલી બહના યોજના હેઠળ, જે મહિલાઓની કુટુંબની વાર્ષિક આવક ૨.૫ લાખ રૂપિયા છે અથવા જેમની પાસે ૫ એકરથી ઓછી જમીન છે તેમને દર મહિને ૧,૦૦૦ રૂપિયા આર્થિક સહાય તરીકે આપવામાં આવશે.

આ વર્ષે, આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે, ઉત્તરાખંડ સરકારે એકલ મહિલા સશક્તિકરણ તરફ એક મોટું પગલું ભરતા, મહિલાઓ માટે મુખ્યમંત્રી એકલ મહિલા સ્વરોજગાર યોજના શરૂ કરી, આ યોજના હેઠળ લાભાર્થી મહિલાઓને એક લાખ રૂપિયા સુધીના પ્રોજેક્ટ પર ૫૦ ટકા સુધીની ગ્રાન્ટ આપવામાં આવશે. મહિલાઓના સશક્તિકરણને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે રાજસ્થાનની ગેહલોત સરકારે રાજસ્થાન ઈન્દિરા ગાંધી માતૃત્વ પોષણ યોજના શરૂ કરી હતી. આ યોજના હેઠળ રાજસ્થાન સરકાર દ્વારા ગર્ભવતી મહિલાઓને ૬૦૦૦ રૂપિયાની આર્થિક સહાય આપવામાં આવશે. ૬૦૦૦ રૂપિયાની આ આર્થિક સહાય મહિલાઓને ૫ પગલામાં આપવામાં આવશે. આ યોજના હેઠળ માત્ર ૪ જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

# નવા સંસદ ભવનનું ઉદ્ઘાટન રાષ્ટ્રપતિએ કરવું જોઈએ, વડાપ્રધાને નહીં!: રાહુલ ગાંધી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૧

વિનાયક દામોદર સાવરકરની જન્મજયંતિના અવસર પર દેશને નવું સંસદ ભવન મળવા જઈ રહ્યું છે. સંસદ ભવનનું નિર્માણ પૂર્ણ થયા બાદ લોકસભાના સ્પીકર ઓમ બિરલાએ પીએમ મોદીને મળ્યા અને તેમને તેનું ઉદ્ઘાટન કરવા વિનંતી કરી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૮ મેના રોજ આ ઈમારતનું ઉદ્ઘાટન કરવા જઈ રહ્યા છે. પરંતુ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ ઉદ્ઘાટનને લઈને સવાલો ઉઠાવ્યા છે. તેઓ કહે છે, 'નવા સંસદ ભવનનું ઉદ્ઘાટન રાષ્ટ્રપતિએ કરવું જોઈએ, વડાપ્રધાને નહીં! સાવરકરની જન્મજયંતિ ૨૮ મેના રોજ નવા સંસદ ભવનનું ઉદ્ઘાટન કરવાના નિર્ણયને લઈને વિપક્ષના કેટલાક નેતાઓએ કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું હતું. કોંગ્રેસે તેને રાષ્ટ્ર નિર્માતાઓનું અપમાન ગણાવ્યું. કેટલાક વિપક્ષી નેતાઓએ એવો પ્રશ્ન પણ ઉઠાવ્યો હતો કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે કારોબારીના વડા છે ત્યારે નવી સંસદ ભવનનું ઉદ્ઘાટન શા માટે કરશે, ધારાસભાના નહીં. કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે ટ્વીટ કર્યું કે, "આપણા તમામ રાષ્ટ્ર નિર્માતાઓનું અપમાન. ગાંધી, નેહરુ, પટેલ, બોઝ વગેરેને સદંતર નકારવામાં આવ્યા છે. ડૉ. આંબેડકરને પણ ધિક્કારવામાં આવે છે." તેમણે તૃણમૂલ કોંગ્રેસના સાંસદ સુખેન્દુ શેખર રોયના એક ટ્વિટને રિ-ટ્વીટ કરતી વખતે આ આરોપ લગાવ્યો હતો. રોયે એક ટ્વિટમાં કહ્યું, "આ વર્ષે ૨૬ નવેમ્બરે, ભારતીય બંધારણને સંસદીય લોકશાહીમાં રજૂ કર્યાને ૭૪ વર્ષ થશે. આ દિવસે સંસદ ભવનનું ઉદ્ઘાટન કરવું યોગ્ય હતું. પરંતુ સાવરકરની જન્મજયંતિ ૨૮ મેના રોજ છે - તે કેટલું પ્રાસંગિક છે?" રાષ્ટ્રીય જનતા દળના સાંસદ મનોજ ઝાએ કહ્યું, "શું એવું ન થયું કે રાષ્ટ્રપતિએ નવી સંસદ ભવનનું ઉદ્ઘાટન કરવું જોઈએપ જય હિંદ."

મોદીએ ૧૦ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ નવી દિલ્હીમાં એક કાર્યક્રમમાં નવા સંસદ ભવનનો શિલાન્યાસ કર્યો હતો અને વડાપ્રધાન નવા સંસદ ભવનનું કામ જોવા આવ્યા હતા. આ દરમિયાન તેમણે સંસદના બંને ગૃહોમાં ઉપલબ્ધ સુવિધાઓ પણ જોઈ. પીએમએ નિર્માણ કાર્યમાં રોકાયેલા કામદારો સાથે પણ વાતચીત કરી. હકીકતમાં, દેશનું વર્તમાન સંસદ ભવન ૯૫ વર્ષ પહેલા ૧૯૨૭માં બનાવવામાં આવ્યું હતું અને માર્ચ ૨૦૨૦માં સરકારે સંસદને જણાવ્યું હતું કે જૂની ઈમારતનો વધુ ઉપયોગ કરવામાં આવ્યો છે, અને તેની હાલત ધીમે ધીમે બગડી રહી છે. નવું સંસદ ભવન પણ બાંધવામાં આવ્યું હતું કારણ કે જૂની ઈમારતમાં સાંસદો માટે પૂરતી બેઠકો નથી જે લોકસભા બેઠકોના નવા સીમાંકન પછી વધશે. જેના કારણે સંસદ ભવનનું નિર્માણ થઈ રહ્યું છે.

# ખૂંખાર નક્સલવાદી કમાન્ડર દિનેશ ગોપ નેપાળમાંથી ઝડપાયો, તેના માથે ૩૦ લાખનું ઈનામ હતું

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૧

દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે, કેન્દ્રીય એજન્સીઓ સાથે મળીને કુખ્યાત નક્સલવાદી કમાન્ડર દિનેશ ગોપની ધરપકડ કરી છે. આ નક્સલવાદી નેપાળમાં છુપાયેલો હતો. પ્રતિબંધિત નક્સલવાદી સંગઠન પીપલ્સ લિબરેશન ફ્રન્ટ ઓફ ઈન્ડિયાના વડા દિનેશ ગોપે પર ૩૦ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં ઝારખંડ પોલીસ દ્વારા ૨૫ લાખ રૂપિયાના ઈનામની જાહેરાત કરવામાં આવી હતી. જ્યારે એનઆઈએ દ્વારા પાંચ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું.

ઝારખંડ છત્તીસગઢની પોલીસ ઉપરાંત સીઆરપીએફ અને એનઆઈએ પણ આ નક્સલવાદીને શોધી રહી હતી. દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલ પાસેથી મળેલી માહિતી મુજબ, તાજેતરમાં જ પોલીસને આ નક્સલી વિશે ઈનપુટ મળ્યા હતા. જેમાં જણાવવામાં આવ્યું હતું કે દિનેશ ગોપે દેખાવ બદલીને નેપાળમાં છુપાયેલો છે. આ ઈનપુટના આધારે, દિલ્હી પોલીસે કેન્દ્રીય એજન્સીઓ સાથે મળીને સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું અને રવિવારે નેપાળમાં તેના છુપાયેલા ઠેકાણાથી તેને પકડી પાડ્યો. પોલીસે જણાવ્યું કે દિનેશ ગોપે દેશમાં પ્રતિબંધિત સંગઠન પીપલ્સ લિબરેશન ફ્રન્ટ ઓફ ઈન્ડિયાનો વડા છે અને તે ૧૫ વર્ષથી પોલીસની આંખમાં ધૂળ નાખીને ઘટનાઓને અંજામ આપી રહ્યો છે. તે ઝારખંડમાં સૌથી વધુ સક્રિય રહ્યો છે. આવી સ્થિતિમાં ઝારખંડની પોલીસે તેની ધરપકડ કરવા અથવા તેના વિશે માહિતી આપનારને ૨૫ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું હતું. તે જ સમયે, રાષ્ટ્ર વિરોધી ગતિવિધિઓને કારણે તેની શોધ કરી રહેલી ફ્રૈંછએ ભૂતકાળમાં તેની સામે પાંચ લાખ રૂપિયાનું ઈનામ પણ જાહેર કર્યું હતું. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર આ કુખ્યાત નક્સલી નેપાળમાં બેસીને છત્તીસગઢ અને ઝારખંડમાં નક્સલવાદી ગતિવિધિઓને અંજામ આપતો હતો. આ માટે તે નેપાળથી જરૂરિયાત મુજબ આવ-જા કરતો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, આ નક્સલી વિરુદ્ધ અત્યાર સુધીમાં ૧૦૦થી વધુ ગુનાહિત કેસ નોંધાયા છે. પોલીસે તેનો સંપૂર્ણ ગેંગ ચાર્ટ પણ તૈયાર કરી લીધો છે. આ ચાર્ટમાં તેના તમામ સહયોગીઓના નામ છે. જેમાંથી અડધા ડઝનથી વધુ સહયોગીઓની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે મોટી સંખ્યામાં સહયોગી ફરાર છે. પોલીસ અને અન્ય સુરક્ષા એજન્સીઓ તેમને શોધી રહી છે. પોલીસે જણાવ્યું કે દિનેશ ગોપે પોલીસને ગેરમાર્ગે દોરવા માટે પોતાનો આખો દેખાવ પણ બદલી નાખ્યો હતો. તેણે માત્ર દાઢી રાખવાનું જ શરૂ કર્યું ન હતું, પરંતુ વાળ વધારીને શીખોની જેમ પાઘડી બાંધવાનું પણ શરૂ કર્યું હતું. નેપાળમાં ધરપકડ સમયે પણ તેણે પાઘડી પહેરી હતી. પોલીસે જણાવ્યું કે આ નક્સલવાદીનું નેટવર્ક બેલ્જિયમ અને ચીન, પાકિસ્તાન અને સ્કોટલેન્ડ સિવાય દેશની બહાર છે. આ દેશોમાં બેઠેલા તેના સાથીદારો દ્વારા તે નેપાળમાં હથિયારોનો કન્સાઈનમેન્ટ મેળવતો હતો અને અહીંથી તે તેને ઝારખંડ અને છત્તીસગઢમાં તેના નક્સલવાદી સાથીઓ સુધી પહોંચાડતો હતો. આ હથિયારોની દાણચોરીનો હેતુ પોલીસ અને અન્ય સરકારી એજન્સીઓ પર હુમલો કરવાનો અને દેશની અર્થવ્યવસ્થાને મોટું નુકસાન પહોંચાડવાનો હતો.

# મેક્સિકોમાં કાર રેસિંગ શોમાં તાબળતોડ ફાયરિંગ, ગોળીબારમાં ૧૦ રેસર્સના મોત અને ૯ ઘાયલ

(એ.આર.એલ),મેક્સિકો,તા.૨૧

ઉત્તર અમેરિકાના મેક્સિકોમાં ગોળીબારની ઘટના સામે છે. જેમાં ૧૦ રોડ રેસરના મોત થયા છે જ્યારે ૯ ઘાયલ થયા છે. ઉત્તરી મેક્સિકોના બાજા કેલિફોર્નિયામાં શનિવારે એક કાર શોમાં ગોળીબાર થયો હતો. પ્રારંભિક માહિતીમાં એવું કહેવામાં આવ્યું હતું કે બંને પક્ષો વચ્ચેના વિવાદ બાદ ગોળીબાર થયો હતો. આમાં ૧૦ રોડ રેસરના મોત થયા છે. અમેરિકા દાયકાઓથી આ સંકટનો સામનો કરી રહ્યું છે. ફાયરિંગની ઘટનાઓ અહીં સામાન્ય બની ગઈ છે. ઘણી વખત આ એક રાજકીય મુદ્દો પણ બની ગયો હતો, પરંતુ તેમ છતાં તેમાં કોઈ પ્રકારનો પ્રતિબંધ નહોતો. અમેરિકામાં ગન કલ્ચર સાથે જોડાયેલી ઘટનાઓ સામે આવવા લાગી છે. ક્યારેક જાહેર સ્થળોએ તો ક્યારેક બાર, ક્લબ, રેસ્ટોરન્ટમાં અસામાજીક તત્વો ગોળીબાર કરે છે.આમાં ઘણા લોકો મૃત્યુ પામે છે. ત્યારે આવી જ એક ઘટના મેક્સિકોમાં પણ બની છે. જ્યાં ૧૦ રેસરના મોત થયા છે. કેલિફોર્નિયા રાજ્યના એટર્ની જનરલે જણાવ્યું હતું કે હુમલો એન્સેનાડા શહેરના સાન વિસેન્ટ વિસ્તારમાં ઓલ-ટેરેન કાર રેસિંગ શો દરમિયાન થયો હતો. ૯૧૧ કોલના અહેવાલો દર્શાવે છે કે હુમલાખોરો મોટી બંદૂકોથી સજ્જ હતા. હુમલાખોરો ગ્રે વાનમાંથી બહાર આવ્યા અને ગોળીબાર કર્યો. માહિતી મળ્યા બાદ પ્રશાસનના હાથ-પગ પણ ફૂલી ગયા હતા. મ્યુનિસિપલ અને રાજ્ય પોલીસ, મરીન, ફાયર બ્રિગેડ અને મેક્સિકન રેડ ક્રોસ તમામ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. જેમાં ૧૦ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા.બાકીના ૯ લોકોની હાલત હજુ પણ નાજુક છે. તેને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં તેની સારવાર ચાલી રહી છે. હાલમાં કેટલાક લોકોની હાલત નાજુક છે. અમેરિકન સરકારે હવે આમાં કોઈ મોટો નિર્ણય લેવો જોઈએ. નહિંતર, રોજબરોજ આવા કિસ્સાઓ ક્યાંક ને ક્યાંકથી આવતા રહેશે.કહેવામાં આવી રહ્યું છે કે જ્યાં ફાયરિંગની ઘટના બની તે વિસ્તાર ડ્રગ્સની તસ્કરી માટે કુખ્યાત છે. ગોળીબારની માહિતી મળ્યા બાદ રાજ્ય પોલીસ અને અન્ય એજન્સીઓ ઘટનાસ્થળે પહોંચી અને ઘાયલોને નજીકની હોસ્પિટલમાં ખસેડ્યા. કહેવામાં આવી રહ્યું છે કે પીડિતોની ઓળખ હજુ સુધી જાહેર કરવામાં આવી નથી.

# મહુવાના કતપરમાં લગ્ન પ્રસંગે સ્પ્રે ઉડાડવા બાબતે બબાલ, ૫ લોકો ઈજાગ્રસ્ત

(એ.આર.એલ),ભાવનગર,તા.૨૧

ભાવનગરના મહુવામાં કતપર ગામે લગ્ન પ્રસંગમાં મારામારીની ઘટના બની છે. કતપર ગામે બે પક્ષના વરઘોડા સામસામે આવી જતા માથાકૂટ સર્જાઈ હતી. વરઘોડામાં સ્પ્રે ઉડાડવા જેવી સામાન્ય બાબતને લઇ માથાકૂટ ઉગ્ર બની જતા મારામારી થઇ હતી. જો કે બંને પક્ષ વચ્ચે સામાન્ય બોલાચાલી બાદ મારામારી થતા ૫ જેટલા લોકોને ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્ત તમામ લોકોને મહુવાની જનરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પરંતુ મહત્વનું છે કે, આજના સમયમાં સામાન્ય બાબતે લોકો પોતાના ગુસ્સા પર કાબૂ ન રાખીને મારામારી પર ઉતરી આવે છે. અને તેમાં અનિચ્છનીય બનાવો ઘટી જતા હોય છે. લોકોને જાણે કાયદાનો ભય રહ્યો જ નથી તેમ લાગે છે. વ્યક્તિ ઉગ્ર થઈને કાયદા-કાનૂન પોતાના હાથમા લઈ લે છે. પરંતુ આવા બનાવોનો અંત નુકસાન જ હોય છે. તો બીજી તરફ આ અગાઉ દેવભૂમિ દ્વારકાના કલ્યાણપુરના રાણ ગામે જૂથ અથડામણ થયુ હતું . બે જૂથ વચ્ચે જમીન બાબતે માથાકુટ ઉગ્ર બની હતી. અને બંને જૂથ વચ્ચે પથ્થરમારો થતા કેટલાક લોકો ઈજાગ્રસ્ત થયા હતા. જેને સારવાર અર્થ નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. તો કલ્યાણપુર સહિત જિલ્લા એલસીબી અને અન્ય ટીમ ઘટનાસ્થળે પહોંચી કાયદો અને વ્યવસ્થા જાળવી હતી. તો ડીવાયએસપી સહિતના અધિકારીઓ પણ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા, હાલ તો સમગ્ર બનાવને લઈ તપાસ હાથ ધરવામાં આવી હતી.

# કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહના વરદ હસ્તે GSRTCની ૩૨૧ અદ્યતન નવીન બસોનું લોકાર્પણ કરાયું



અમદાવાદ ખાતે કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહના વરદ હસ્તે ગૃહ અને વાહનવ્યવહાર રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીની વિશેષ ઉપસ્થિતિમાં GSRTCની ૩૨૧ અદ્યતન નવીન બસોનું લોકાર્પણ કરાયું હતું. ૧૦૩ કરોડના ખર્ચે નિર્માણ પામેલ આ બસોમાં ૧૬૨ મીડી બસ, ૯૯ સ્લીપર બસ, ૫૮ લક્ઝરી બસોનો સમાવેશ કરાયો છે. કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહ તથા ગૃહ અને વાહનવ્યવહાર રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ GSRTCની આ બસોનું નિરીક્ષણ કરી માહિતી મેળવી હતી અને લીલી ઝંડી બતાવીને આ બસોનું પ્રસ્થાન કરાવ્યું હતું. GSRTCની આ બસો કુલ ૧૨૫ જેટલા ડેપોમાં કાર્યરત કરાશે અને ૧ લાખ ૨૫ હજાર કિલોમીટરની મુસાફરી તય કરશે. આ બસોનો સીધો લાભ ગામડાના છેવાડાના લોકોને કર્મચારીઓ, વિદ્યાર્થીઓ અને આમ નાગરિકોને સરળતાથી પ્રાપ્ત થશે અને દરરોજ કુલ ૪૯,૫૦૦થી વધારે મુસાફરો આ બસોનો લાભ મેળવી શકશે.અત્રે ઉલ્લેખનીય છે કે ડિસેમ્બર, ૨૦૨૨માં નવી સરકાર રચાયા પછી ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ બસોની સંખ્યામાં સતત વધારો થતો રહ્યો છે. છેલ્લા પાંચ મહિનામાં ૮૦૦થી વધારે બસોનો ઉમેરો થયો છે. ગત તા. ૧૩/૦૨/૨૩ના રોજ ગાંધીનગર બસ સ્ટેશન ખાતે ૧૫૧ બસોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેમાં ૪૦ સ્લીપર કોચ બસો તથા ૧૧૧ લક્ઝરી બસોનો સમાવેશ થયો હતો. ત્યાર બાદ તા. ૧૨/૦૩/૨૩ ના રોજ જામનગર પ્રદર્શન ગ્રાઉન્ડ ખાતે ૧૫૧ બસોનું લોકાર્પણ કરાયું હતું. જેમાં ૩૦ સ્લીપર કોચ બસો, ૭૦ લક્ઝરી બસો અને ૫૧ રેડી બિલ્ટ મીડી બસોનો સમાવિષ્ટ હતી.એ પછી તા. ૧૨/૦૪/૨૩ ના રોજ પાલનપુર બસ પોર્ટ ખાતે ૭૦ બસોનું લોકાર્પણ કરાયું હતું. જેમાં ૧૦ સ્લીપર કોચ બસ, ૨૫ લક્ઝરી બસ અને ૩૫ રેડી બિલ્ટ મીડી બસોનો સમાવેશ થયો. ત્યાર પછીતા. ૨૯/૦૪/૨૩ ના રોજ વલસાડ વિભાગના નવસારી બસ પોર્ટ ખાતે ૧૨૫ બસોનું લોકાર્પણ કરાયું હતું. જેમાં ૨૦ સ્લીપર કોચ બસ, ૩૫ લક્ઝરી બસ તથા ૭૦ રેડ બિલ્ટ મીડી બસોનો સમાવેશ કરાયો.આમ, છેલ્લા પાંચ મહિનામાં કુલ ૮૧૮ જેટલી બસોનું લોકાર્પણ રાજ્ય સરકાર દ્વારા કરાયું છે.આ લોકાર્પણ કાર્યક્રમમાં અમદાવાદ શહેરના મેયર શ્રી કિરીટભાઈ પરમાર, સાંસદ શ્રી કિરીટભાઈ સોલંકી, પૂર્વ સાંસદ શ્રી હસમુખભાઈ પટેલ, ધારાસભ્ય શ્રી અલ્પેશભાઈ ઠાકોર, ધારાસભ્ય શ્રી દિનેશ કુશવાહ, ધારાસભ્ય શ્રી અમિતભાઈ શાહ, અને જીએસઆરટીસીના જનરલ મેનેજર જે.પી.વદર તેમજ ઉચ્ચ અધિકારીઓ, ડ્રાઈવરો તેમજ કંડકટરો ઉપસ્થિત રહ્યા હતા.




કુંભારી કલા જ્યારે લુપ્ત થવાને આરે છે ત્યારે જીવંત રાખવાના પ્રયાસ કરતાં અરવલ્લીના જાણીતા લેખક રખેવાળ હિરેન પ્રજાપતિ...... માત્ર ૯ વર્ષના બાળક અંશ પ્રજાપતિ એ ચાકડા પર હાથ અજમાવ્યો... પ્રજાપતિ સમાજ ની જીવાદોરી અને આજીવિકા રળવાનુ સાધન એટલે ઈશ્રૃવરે આપેલી માટીની અમુલ્ય ભેટ કુંભાર પ્રજાપતિ સમાજ વર્ષોથી માટીકલા સાથે સંકળાયેલો છે માટીમાંથી અવનવા વાસણો બનાવી સમગ્ર જગતને પૂરા પાડેલા છે

# આ છાત્રાલય શિક્ષા સંસ્કાર અને સમાજની સેવાનું ઉત્તમ કાર્ય છે : આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજ



શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સર્વોચ્ચ તીર્થધામ વડતાલધામ દ્વારા શિક્ષાતીર્થ વલ્લભવિદ્યાનગરના આંગણે નિશુલ્ક છાત્રાલયનું નિર્માણ કર્યુ છે. તેના ઉદ્દઘાટન પ્રસંગે " આ છાત્રાલય શિક્ષા સંસ્કાર અને સમાજની સેવાનું ઉત્તમ કાર્ય છે, એવા શબ્દો આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજે ઉચ્ચાર્યા હતા. વડતાલબોર્ડ વતી મુખ્યકોઠારીશ્રી ડો. સંત સ્વામીએ નિશુલ્ક છાત્રાલય સેવાના ભેખધારી પુ નિત્યસ્વરૂપ સ્વામી અને દાતાઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

બે લાખ સ્ક્વેર ફુટના વિશાળ છાત્રાલયના મુખ્યદાતા શ્રીઅરજણભાઈ ધોળકિયા - શ્રીરામકૃષ્ણ ડાયમંડ સુરત રહ્યા છે. સાથે જ્ઞાનજીવન સ્વામી કુંડળધામ , વિશ્રામભાઈ વરસાણી સીસલ્સ , ઘનશ્યામભાઈ શંકર સુરત , અશ્વિભાઈ ગોલવિયા ન્યાલકરણ ગ્રુપ વડોદરા , કાંતિભાઈ રાખોલિયા સુરત , જીવરાજભાઈ ગાબાણી - ખોપાળા , પ્રાગજીભાઈ જોટીંગડા, ધનજીભાઈ રાખોલિયા , કેશુભગત ગોટી સુરત , મગનભાઈ ભંડેરી , શંભુભાઈ ટ્રસ્ટી વડતાલ વગેરે દાતાઓને વડિલ સંતો સાથે આચાર્ય મહારાજ અને લાલજી મહારાજે આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે સાસંદ મિતેશભાઈ , ધારાસભ્ય શ્રીયોગેશભાઈ , સોજીત્રાના ધારાસભ્યશ્રી વિપુલભાઈ , વિશ્વ હિન્દુ પરિષદના અગ્રણી અશોક રાવલ , અશ્વિનભાઈ , કૌષિકભાઈ પટેલ વગેરે હાજર રહ્યા હતા. પુ બાપુ સ્વામી, પુ નૌતમ સ્વામી , પુ દેવનંદન સ્વામી , મોહનપ્રસાદ સ્વામી, ઘનશ્યામ ભગત , લાલજી ભગત , ભાસ્કર ભગત વગેરે જુનાગઢ, ગઢડા , વડતાલ ધોલેરાના સંતોએ હાજરી આપી પ્રસંગને શોભાવ્યો હતો. મુખ્યદાતા અરજણભાઈ ધોળકિયા સુરત.

## સેકટર-૧૧માં આયોજિત

# ૩૬ GNPL નાઈટ ક્રિકેટ અને વોલીબોલ ટુર્નામેન્ટની રોમાંચક મેચને કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહે નિહાળી

ગાંધીનગર,

ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ દ્વારા આયોજિત ૩૬ GNPL નાઈટ ક્રિકેટ અને વોલીબોલ ટુર્નામેન્ટની રોમાંચક મેચને કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે નિહાળી હતી. કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહે ગ્રાઉન્ડની ફરતે ઉભા રહેલા ટુર્નામેન્ટમાં ભાગ લેનારા તમામ ખેલાડીઓનું અને નગરજનોનું અભિવાદન પણ ઝીલ્યું હતું.ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ દ્વારા સેકટર-૧૧, રામકથા મેદાન ખાતે ૩૬ ગાંધીનગર નોર્થ પ્રીમિયમ લીગ નાઈટ ક્રિકેટ અને વોલીબોલ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. આ ટુર્નામેન્ટનો આરંભ તા.૦૨ મે, ૨૦૨૩ના રોજ કરવામાં આવ્યો હતો. ક્રિકેટ અને વોલીબોલની નાઈટ ટુર્નામેન્ટમાં કુલ- ૧૮૮ ટીમોએ ભાગ લીધો છે. જેમાં ક્રિકેટની રમતમાં ભાઈઓની- ૧૩૬ અને બહેનોની ૧૮ મળી કુલ- ૧૫૪ ટીમો સહભાગી બની છે. તેમજ વોલીબોલની રમતમાં ભાઈઓની ૨૮ અને બહેનોની ૬ મળી કુલ- ૩૪ ટીમો સહભાગી બની છે. આમ ક્રિકેટ અને વોલીબોલની ટુર્નામેન્ટમાં કુલ- ૨૪૬૨ ખેલાડીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો છે.કાર્યક્રમના આરંભે ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન કેતનકુમાર પટેલ દ્વારા કેન્દ્રીય મંત્રી શ્રી અમિતભાઈ શાહનું ઉષ્માભર્યું સ્વાગત કરાયું હતું. આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી હિતેષ મકવાણા,માણસાના ઘારાસભ્ય શ્રી જે.એસ.પટેલ, સાબરમતીના ઘારાસભ્ય શ્રી હર્ષદ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી દિલીપભાઈ પટેલ, ડેપ્યુટી મેયર શ્રી પ્રેમલસિંહ ગોલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી જસવંતભાઈ પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી અનિલભાઈ પટેલ, શહેર ભાજપ પ્રમુખ શ્રી રૂચિર ભટ્ટ,પૂર્વ ગૃહ રાજ્ય મંત્રી શ્રી રજનીભાઈ પટેલ, પૂર્વ ઘારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, સહિત મોટી સંખ્યામાં ખેલાડીઓ અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.



ભારતના પૂર્વ વડાપ્રધાન સ્વપ્નદ્રષ્ટા સ્વર્ગીય રાજીવ ગાંધી ની ૩૨ મી પુણ્યતિથિ નિમિત્તે સદગતને યાદ કરી પુષ્પાંજલિ અર્પણ કરવા ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ તથા ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આજે તારીખ ૨૧/૫/૨૦૨૩ ને રવિવારે સવારે ૧૦:૦૦ કલાકે કૈલાસધામ, પેથાપુર તથા ૧૧:૦૦ કલાકે મગોડી વૃદ્ધાશ્રમ ખાતે રહેતા માતાઓ અને વડીલો ને ફળફળાદિના વિતરણ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. સદર કાર્યક્રમમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અરવિંદસિંહ સોલંકી શહેર પ્રમુખ શૈલેન્દ્રસિંહ બિહોલા, નિશિતભાઈ વ્યાસ , ગોપાલજી ઠાકોર, પ્રદીપસિંહ વાઘેલા, હેનિસ રાઠોડ સહીત જિલ્લા તથા શહેર કોંગ્રેસના આગેવાનો - કાર્યકરો,ચૂંટાયેલ જનપ્રતિનિધિઓ, યુથ કોંગ્રેસ, મહિલા કોંગ્રેસ, NSUI, સેવાદળ તથા વિવિધ સેલ - ડિપાર્ટમેન્ટના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા તેમ જિલ્લા કોંગ્રેસ ની અખબારી યાદીમાં ઉપ પ્રમુખ વિષ્ણુભાઈ પટેલે જણાવ્યું છે .



શિક્ષણ વિકાસ સેવા ટ્રસ્ટ વેજલપુર અમદાવાદ દ્વારા નવનિર્મિત શિક્ષણ સંકુલ નું લોકાર્પણ ભાજપા ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજી ના હસ્તે કરવામાં આવ્યું. આ પ્રસંગે સાંસદ શ્રી કિરીભાઇ સોલંકી, ધારાસભ્યશ્રીઓ શ્રી અમિતભાઈ ઠાકર, શ્રી કિરીટસિંહ ડાભી, પૂર્વ કેબિનેટ મંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ ચુડાસમા તેમજ વોર્ડના કાઉન્સિલરશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.



BRITISH LEARNING

UK Office : International House, 24 Holborn Viaduct, London EC1A 2BN UK Phone : +44 788 363 0675

India Office : 4th Floor, Spectrum Tower, Mindspace, Malad (W), Mumbai 400064 INDIA Phone : +91 9004090099

membership@britishlearning.uk

www.britishlearning.uk

MEMBER OF INTERNATIONAL ADVISORY COUNCIL
Registration Certificate

This is to certify that
DR. AKSHAYKUMAR DHANESHKUMAR RAVAL
Has been Awarded Membership of
THE INTERNATIONAL ADVISORY COUNCIL
The holder of this Certificate has complied with the Professional Standards and Ethics as laid down by the "Governing Council of British Learning"
Issued on this
28th Day of April 2023

SCAN HERE TO VERIFY AUTHENTICITY OF THIS CERTIFICATE
Membership No: BL-M-28431
Valid Upto 27.04.2025
President

સુરેન્દ્રનગર ના યુવા વૈદ્ય જેના નામે ભારત વિભુષણ, ભારત ભૂષણ, આરોગ્ય રત્ન, અને ૨૪ જેટલી વર્લ્ડ રેકોર્ડ બુક પોતાનું નામ નોંધાવી ને વિશ્વવિક્રમ બનાવનાર એવા વૈદ્ય અક્ષય ધનેશભાઈ રાવલે તાજેતર માં જ વિશ્વ ની પ્રખ્યાત British Learning અને London School Of Learning ™e Governing Body દ્વારા તેમની International scientific Advisory Council માં registered Member તરીકે નિમણૂક કરેલ છે

# અંબાજી ખાતે ૭ મો આદીવાસી સમૂહ લગ્ન ઉત્સવ ધામધૂમથી ઉજવાયો



શક્તિ ભક્તિ અને આસ્થાનો ત્રિવેણી સંગમ એટલે જગ વિખ્યાત યાત્રાધામ અંબાજી ગુજરાત અને રાજસ્થાનની સરહદ ઉપર આવેલું છે અંબાજી ખાતે મોટી સંખ્યામાં ભક્તો દર્શન કરવા આવે છે અને દર્શન કરીને ધન્યતા અનુભવે છે ત્યારે આજે અંબાજીના જીએમડીસી ગ્રાઉન્ડમાં સાતમો સમૂહ લગ્ન ઉત્સવ બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લાના આદિવાસી સમાજનો ઉજવાયો હતો જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા અને વર વધુ એ પ્રભુતામાં પગલાં માંડ્યા હતા.સમસ્ત હિંદુ જનજાતિ સમાજ અને હિંદુ સૂરજ મહારાણા પ્રતાપ જન્મોત્સવ નિમિતે દર વર્ષની જેમ આ વર્ષે પણ સમૂહ લગ્નોત્સવ ૨૧ તારીખે આજે સવારે અંબાજી ખાતે યોજાયો હતો સમૂહ લગ્ન શરૂ થયા તે અગાઉ અંબાજી ના માર્ગો પરથી ભવ્ય વરઘોડો નીકળ્યો હતો જેમાં વર કન્યાઓ જોડાયા હતા અંબાજી ખાતે મોટી સંખ્યામાં આદિવાસી સમાજ પડ્યો હતો અને જગ્યા જગ્યા પર ટ્રાફિક જામમાં રસ્તો જોવા મળ્યા હતા ત્યારબાદ જીએમડીસી ગ્રાઉન્ડ ઉપર કાર્યક્રમ શરૂ થયો હતો શ્રી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અને સમસ્ત હિંદુ જનજાતિ સમાજ દ્વારા મોટી સંખ્યામાં સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વર કન્યા સહિત લોકો જોડાયા હતા. તમામ લોકો માટે ભોજન વ્યવસ્થા કરવામાં આવી હતી અને દાતાઓ દ્વારા દાન પણ આપવામાં આવ્યું હતું.

# બ્રિટિશ પાર્લામેન્ટમાં ડૉ. ચિન્મય પંડ્યાજીને મળ્યો ભારત ગૌરવ પુરસ્કાર



મોડાસા ખાતે પાંચ વર્ષ અગાઉ નિર્માણ પામેલ ગાયત્રી ચેતના કેન્દ્ર. જેની પ્રાણ પ્રતિષ્ઠા માટે હરિદ્વારથી મોડાસા આવેલ ડૉ. ચિન્મય પંડ્યાજી કે જેઓ દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલયના ઉપકુલપતિ તેમજ સમગ્ર ગાયત્રી પરિવારના યુવા આઈકોન છે. જેઓને બ્રિટિશ પાર્લામેન્ટમાં ભારત ગૌરવ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા.

વિશ્વની સૌથી પુરાની માનવામાં આવતી પાર્લામેન્ટમાં એક બ્રિટિશ પાર્લામેન્ટ છે. આ બ્રિટિશ સંસદમાં મોટાભાગે અંગ્રેજી રીતી રિવાજ મુજબ કાર્યક્રમો, સમારંભોનો શુભારંભ થાય છે. પરંતુ પહેલો એવો અવસર છે કે જ્યારે ગાયત્રી પરિવારના યુવા પ્રતિનિધી તેમજ દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલયના ઉપકુલપતિ ડૉ. ચિન્મય પંડ્યાજીના સન્માન સમારંભની શરૂઆત ગાયત્રી મંત્ર દ્વારા થઈ. આ અવસર પર ગાયત્રી પરિવારના ભારતીય સંસ્કૃતિની સાથે આધ્યાત્મિકતાના વિશ્વભરમાં વિસ્તરણ માટે ડૉ. ચિન્મય પંડ્યાજીને ભારત ગૌરવ પુરસ્કારથી સમ્માનિત કરવામાં આવ્યા. આ સન્માન સમારંભનું બ્રિટિશ પાર્લામેન્ટના હાઉસ ઓફ કામન્સ લંડનમાં આયોજન થયું. આ સન્માન સંસ્કૃતિ યુવા સંસ્થાન તરફથી ગાયત્રી પરિવારના યુવા પ્રતિનિધી ડૉ. ચિન્મય પંડ્યાજીને આપવામાં આવ્યું. જ્યારે આ સન્માન સમારંભ ચાલી રહેલ ત્યારે પુરી બ્રિટિશ પાર્લામેન્ટમાં સૌ તાળીઓની ગુંજ સાથે ભારતના આ યુવા આઈકોનને વધાઈ આપી રહ્યા હતા. દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલયના ઉપકુલપતિ ડૉ. ચિન્મય પંડ્યાજી આ સન્માનની અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર સાથે જોડાયેલ પ્રત્યેક કાર્યકર્તાઓનું બતાવ્યું અને કહ્યું આ સન્માન મારા એકલાનું નથી, પરંતુ આ અભિયાનમાં જોડાયેલ સૌ યુવા, કાર્યકર્તા ભાઈ બહેનોનું છે.

આ અવસર પર અખિલ વિશ્વ ગાયત્રી પરિવારના પ્રમુખ શ્રદ્ધેય ડૉ. પ્રણવ પંડ્યાજી તેમજ શ્રદ્ધેયા શૈલજીજીના માર્ગદર્શનમાં ચાલી રહેલ સાંસ્કૃતિક ઉત્થાન તથા યુવાઓના રચનાત્મકતાના ક્ષેત્રે કરવામાં આવેલ કાર્યોની બ્રિટિશ પાર્લામેન્ટે ખૂબ પ્રશંસા કરી અને ગાયત્રી પરિવાર દ્વારા ચલાવવામાં આવી રહેલ ઉત્કૃષ્ટ કાર્યો માટે બ્રિટિશ પાર્લામેન્ટમાં ડૉ. ચિન્મય પંડ્યાજીને ભારત ગૌરવ પુરસ્કારથી સમ્માનિત કરવામાં આવ્યા.

ઉલ્લેખનીય છે કે દેશ વિદેશમાં અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર વિભિન્ન રચનાત્મક તેમજ સુધારાત્મક કાર્યક્રમોનું સંચાલન કરે છે. આ સંદર્ભમાં નવિન યુવા પેઢીથી લઈને દરેક વય- વર્ગ માટે અનેક ગતિવિધિઓનું સંચાલન કરે છે.સાથે સાથે પર્યાવરણ સંરક્ષણથી લઈને ભારતીય સંસ્કૃતિના વિસ્તરણ તથા યુવાનોમાં સકારાત્મક પરિવર્તન માટે ચરણબદ્ધ રીતે વિભિન્ન આયોજનોનું સફળ સંચાલન કરે છે. આ કારણે જ આ સમયમાં દુનિયા અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર તરફ આશાભરી દ્રષ્ટીએ જોઈ રહી છે. અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર જે કાર્યોને પોતાના હાથમાં લે છે તેને પૂર્ણ તન, મન,ધનથી પુરું કરે છે. ગાયત્રી પરિવારના આ કાર્યોથી બ્રિટિશ પાર્લામેન્ટ ખૂબ પ્રભાવિત થઈ અને શાન્તિકુંજ પરિવારને સમ્માનિત કરવાનો નિર્ણય લીધો.

ભારતના આ યુવક ડૉ. ચિન્મય પંડ્યાજીએ બનાવેલા રેકોર્ડ માટે અને વિશ્વભરમાં એક વિશેષ આઈકૉન યુવા તરીકેની ઓળખ માટે બધાએ અભિનંદન પાઠવ્યા. જેમાં ગાયત્રી ચેતના કેન્દ્રના પ્રમુખ ધર્માભાઈ પટેલ, મંત્રી કાન્તિભાઈ ચૌહાણ, અરવલ્લી જિલ્લા ગાયત્રી પરિવારના સંયોજક હરેશભાઈ કંસારા, ગાયત્રી પરિવાર યુવા પ્રકોષ્ઠ, ગુજરાતના સંયોજક કિરિટભાઈ સોની સહિત મોડાસા સહિત સમગ્ર અરવલ્લી જિલ્લાના પરિજનો તેમજ જીપીવાયજીના યુવાઓએ ડૉ. ચિન્મય પંડ્યાજીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવી તેમના નેતૃત્વમાં તમામ કાર્યો માટે અવિરત સક્રિય પ્રયાસ માટે ઉત્સાહ વ્યક્ત કર્યો.

-જીતેન્દ્ર ભાટીયા, મોડાસા.

## દીકરી પર કાળ બની ત્રાટકેલો બાપ

# સુરતના કડોદરાના ધાબા પર ઊંઘવાના ઝઘડામાં પિતા ઉપરાછાપરી ૨૫ ઘા મારી મોતને ઘાટ ઉતારી

(એ.આર.એલ),સુરત,તા.૨૧

સુરત જિલ્લાના કડોદરામાં ૧૮મી મેના રોજ એક પિતાએ જ દીકરીની હત્યા કરી હોવાની ચોંકાવનારી ઘટનાના સીસીટીવી ફૂટેજ આવ્યા છે. ધાબા પર નહીં પરંતુ ઘરમાં સૂવા બાબતે પતિ-પત્ની વચ્ચે થયેલા ઝઘડાનો કરૂણ અંજામમાં જુવાનજોધ દીકરીને પિતાએ જ મોતને ઘાટ ઉતારી હતી. ઘરમાં ઊંઘવા ઈચ્છતા શેતાને પોતાની દીકરી પર મટન કાપવાના છરાથી ઉપરાછાપરી ૨૫થી વધુ ઘા ઝિંકીને મોતને ઘાટ ઉતારી હતી. આખો પરિવાર બચાવવા માટે આરોપીને રોકે છે પણ છૂટતાની સાથે કાળ બનીને તૂટેલો બાપ છરા મારતા રોકાતો નથી. વચ્ચે પત્ની છોડાવવા આવે છે તો તેના પર પણ હુમલો કરી દે છે. પલસાણા તાલુકાનાં કડોદરા સત્યમ નગરમાં રામાનુજ શાહુએ છત પર સુવા બાબતે પત્ની રેખાદેવી સાથે ૧૮મી મેના રોજ ઝઘડો કર્યો હતો. ઝઘડો ઉગ્ર બનતા છરા વડે રામાનુજે પત્ની પર હુમલો કરવા જતાં બચાવવા પડેલી પુત્રી ચંદાકુમારી (ઉ.વ.૧૯)ને છરા વડે ૨૫થી વધુ ઘા કરી હત્યા કરી હતી. કડોદરા પોલીસે ચપ્પુ લઈ ફરાર રામાનુજને જોળવાથી કડોદરા તરફ જતાં રોડ પરથી ઝડપી લીધો હતો અને તેની પાસેથી છરો કબ્જે કર્યો હતો. તપાસ દરમિયાન બિલ્ડિંગમાં સીસીટીવી ફૂટેજ કબ્જે લીધા છે. જે ફૂટેજમાં હત્યાના દ્રશ્યો ભયાનક જણાય રહ્યા છે. હેવાન બનેલા રામાનુજે પત્નીને ગંભીર ઈજા પહોંચાડ્યા બાદ પુત્રી ચંદાકુમારી પર તૂટી પડ્યો હતો. ૨૦ ઘા રૂમની આગળની ગેલેરીમાં જ માર્યા હતા અને ત્યારબાદ ચંદાકુમારી રૂમમાં પહોંચી ગઈ હોય ત્યાં જઈને પણ ઘા કર્યા હતા. રામાનુજ છત પર રેખા દેવી પાસે પહોંચ્યો હતો. બિલ્ડિંગના માણસો એકત્રિત થઈ જઈ રામાનુજને આંતરવાનો પ્રયાસ કરતાં તે ચપ્પુ લઈને ભાગી છૂટ્યો હતો. સીસીટીવી ફૂટેજના દ્રશ્યો હચમચાવી નાખે તેવા છે. હેવાન બનેલા રામાનુજ માતા અને બહેન ઉપર છરો લઈને તૂટી પડ્યો હોય. ત્યારે મૂકબધીર સુરજ પિતાને રોકવા વચ્ચે પડ્યો હતો. રામાનુજ પત્ની અને પુત્રી ઉપર છરાના ઘા કરતો હતો ત્યારે જીવની પરવાહ કર્યા વગર સુરજ પિતાને બાથમાં લઈને જમીન ઉપર પાડી દીધો હતો. જો કે નાનો બાળક બહેનને બચાવવામાં સફળ રહ્યો ન હતો પરંતુ તેની પાછળ જઈ ફરી એક વાર પિતાને આંતરી લીધા હતા અને આ દરમ્યાન બિલ્ડિંગના રહીશો આવી જતાં માતા રેખા દેવીનો જીવ બચી ગયો હતો. કડોદરામાં સત્યમનગર વિસ્તારમાં રામાનુજ શાહુ (ઉં.વ.૪૨) પત્ની રેખાદેવી (ઉં.વ.૪૦), દીકરી ચંદાકુમારી (ઉં.વ.૧૯) અને ત્રણ દીકરા સૂરજ, ધીરજ અને વિશાળ સાથે રહે છે. મૂળ બિહારનો રામાનુજ મિલમાં મજૂરીકામ કરતો હતો. રાત્રે ધાબા પર પત્ની સાથે સૂવા બાબતે રામાનુજનો ઝઘડો થયો હતો. આ ઝઘડાના કારણે દીકરી ચંદા અને તેના ત્રણ ભાઈ દોડી આવ્યા હતા. માતાને બચાવવા માટે પ્રયાસ કર્યો હતો, જોકે પિતાએ સગા દીકરાઓ અને દીકરી પર મટન કાપવાના છરાથી હુમલો કરી દીધો હતો.

રાત્રીના આશરે અગિયારેક વાગે પરીવાર સાથે જમી પરવારીને બેઠા હતા. ત્યારે પતિ રામનુજ મહાદેવ શાહુંને પત્ની રેખાદેવીએ કહ્યું કે ગરમીનો સમય હોય આપણે પરિવાર સાથે છત ઉપર સુવા જઈશું. એવું કહેતા જ પતિએ ઉપર સુવા નથી જવું આપણે બધા નીચે ઘરમાં જ સુઈ જઈશું એવું કહી પત્ની સાથે ઝઘડો શરૂ કર્યો હતો. કહ્યું હતું કે, મારી સાથે વધારે જીભાજોડી કરશો તો તમને બધાને જાનથી મારી નાખીશ. ત્યારબાદ ઘરની બહાર ચાલ્યા ગયા હતા. થોડીક જ વારમાં હાથમાં મોટુ ધરદાર છરો લઈને ઘરમાં આવ્યા હતા અને કહ્યું કે, આજે હું તને જાનથી મારી નાખીશ તેવું કહીને પરિવાર પર હુમલો કર્યો હતો. રામાનુજે હુમલો કરતાં પત્નીની આંગળીઓ કપાઈ ગઈ હતી. ત્યાર બાદ તે થોડી દૂર જતી રહી હતી. માતાને બચાવવા આવેલા દીકરાઓ પર પણ પિતાએ હુમલો કર્યો હતો., જેમાં ત્રણે દીકરાઓને ઈજા પહોંચી હતી. જોકે પિતાના હાથમાં દીકરી આવી જતાં તેના પર ઉપરા ઉપરી મટન કાપવાના છરાથી ૨૫ જેટલા ઘા માર્યા હતા. માત્ર સૂવા બાબતે થયેલા ઝઘડામાં પિતા એટલા ક્રૂર થઈ ગયા હતા કે મટન કાપવાના છરાથી દીકરીને હાથ અને ચહેરા પર ઘા માર્યા હતા. એમાં તેના ચહેરા પર મારવામાં આવેલા ઘાથી એના બે ભાગ થઈ ગયા હતા અને દીકરીનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. જ્યારે માતા અને ત્રણ દીકરાને ઈજા પહોંચતાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. ઘટનાની જાણ થતાં પોલીસ પણ દોડી આવી હતી અને હત્યા કરનાર પિતા રામાનુજને ઝડપી પડ્યો હતો. ચંદાના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યો હતો. તેનું પોસ્ટમોર્ટમ સુરત સિવિલ હોસ્પિટલ ખાતે હાથ ધરવામાં આવ્યું હતું. પોસ્ટમોર્ટમ બાદ ચંદાના મૃતદેહને પરિવારને સોંપવામાં આવ્યો હતો.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

NEWS OF GANDHINAGAR_P-4